શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ-૯ • અંક : ૧૧ • નવેમ્બર, ૨૦૧૭

પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

SHREE JOGI SWAMI

SGVP HOLISTIC HOSPITAL

લોકાર્પણ સમારોહ

તારીખ : ૩ ડિસેમ્બર, ૨૦૧૭ : રવિવાર, સાંજે ૪:૦૦ કલાકે

ઉદ્‌ઘાટક :- માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી

અધ્યક્ષ :- પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

યોગ - આયુર્વેદ - એલોપથીનો પવિત્ર સમન્વય

સ્થળ :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌ (SGVP)

સરખેજ - ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ, સંપર્ક : (૦૨૭૧૭) ૨૪૨૧૪૧, ૯૮૨૫૨૧૦૦૩૮

જૂનાગઢ ખાતે ઉજવાયેલ ગુણાતીતાનંદ સ્વામી અંતર્ધાન સાર્ધશતાબ્દી મહોત્સવમાં સ્વામીનું પ્રથમ પૂજન કરતા પૂજ્ય સ્વામીજી, પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય દેવકૃષ્ણ સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી તેમજ SGVP ગુરુકુલ પરિવારના સંતો તથા ભક્તજનો

SGVP હોલિસ્ટિક હોસ્પિટલમાં ઓ.પી.ડી.નો પ્રારંભ કરાવતા પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી તથા ઉપસ્થિત વૈદ્યશ્રીઓ તથા ડૉક્ટર્સ

પટણા ખાતે ઉજવાયેલ રામાનુજાચાર્યની સહસ્ત્રાબ્દી મહોત્સવમાં ઉપસ્થિત પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતો, બિહાર

દિપાવલી મહોત્સવ પ્રસંગે યોજાયેલ ચોપડા પૂજન, અન્નકૂટ દર્શન, દિપોત્સવ તથા
નૂતન વર્ષે સ્નેહમિલન પ્રસંગે ઉપસ્થિત ગુરુકુલ પરિવારના સંતો, અમદાવાદ ગુરુકુલ

SGVP ની મુલાકાતે પધારેલા ભારતના પ્રખ્યાત પહેલવાન ખલીનું
સન્માન કરતા સંતો તથા વિદ્યાર્થીઓ

પ.ભ. નિર્મળભાઈ ઠક્કરની નૂતન હોટલના ઉદ્‌ઘાટનમાં
ઉપસ્થિત સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનો, વડોદરા

ગોલ્ડન વિલેજ રફાળાના લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી, સવજીભાઈ વેકરિયા

શ્રી જોગી સ્વામી હોલિસ્ટિક હોસ્પિટલમાં સ્પિરિચ્યુઅલ હિલિંગ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરતા પૂજ્ય સંતો, યુનુસભાઈ શેખ તથા મહાનુભાવો

મહિલામંડળ દ્વારા ઉજવાયેલ હાટડી ઉત્સવની આરતી કરતા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, અમદાવાદ

પૂજ્ય પુરુષોત્તમચરણદાસજી સ્વામીની પૂન્યતિથી પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સંતો તથા ભક્તજનો, મેમકા

કાર્તિકી સમૈયામાં નૂતન દિક્ષા ગ્રહણ કરેલા SGVP ગુરુકુલ પરિવારના સંતો

આદ્ય શુકવલ્લભદાસજી સ્વામી | આદ્ય વર્ણીસ્વરુપદાસજી સ્વામી | આદ્ય જનમંગલદાસજી સ્વામી | આદ્ય તીર્થસ્વરુપદાસજી સ્વામી | આદ્ય ઋષિકેદારદાસજી સ્વામી

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૯, નવેમ્બર : ૨૦૧૭, અંક : ૧૧

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફિક્સ
તસ્વીર : જી. વિઝન

છુટક અંક : રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

રાગ : મલાર ('વચનામૃત' વરતાલ-૧૧)

મારા વાલાજી શું વાલપ દીસે રે,
તેનો સંગ શીદ તજીએ; તે વિના કેને ભજીએ રે. ટેક.
સન્મુખ જાતાં શંકા ન કીજે,
મર ભાલા તણાં મે'હ વરસે રે;
હંસ જઈ હરિજનને રે મળશે,
કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૧
શૂળી ઉપર શયન કરાવે,
તોયે સાધુને સંગે રહીએ રે;
દુરિજન લોક દુર્ભાષણ બોલે,
તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૨
અમૃતપે અતિ મીઠા મુખથી,
હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવાં,
જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૩
નરક કુંડથી નરસું લાગે,
દુરિજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે,
વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૪

- સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી

વચનામૃત કથામંગલ

- પાર્ષદ શામજી ભગત

એક નાનકડું ગામ. ગામનું નામ સરંભડા. જિલ્લો અમરેલી, તાલુકો - બગસરા.

આ ગામમાં પટેલિયાઓની વસ્તી વધારે. તેમાં શામજીભાઈ નામના એક પટેલ રહે. શામજીભાઈની આબરુ ખૂબ સારી, તેથી બધા એમને યુવાન ઉમરે પણ શામજી આતા કહીને બોલાવતા. શામજી આતા સદાય હરતા-ફરતા મોજમાં જ હોય. ગામમાં કોઈ ભગત-ભિખારી કે સંત-મહાત્મા આવે તો શામજી આતાના ઘેર રોટલા-પાણી મળી જ રહે.

ગામના કોઈ માણસને સુખઃદુખ આવે તો શામજી આતા તેની પડખે ઉભા જ હોય. ઘર-પરિવારનાં માંગલિક પ્રસંગોમાં અને શોક કે ઝઘડાનાં પ્રસંગોમાં શામજી આતાની હાજરી બધાને શાતા અને સમાધાન આપે. સૌ માટે આદર સેવનારા શામજી આતાને ગામલોકો બધા આદર-માન આપતા એટલું જ નહી, પણ આજુબાજુનાં ગામના લોકો પણ શામજી આતા પ્રત્યે ઊંચી ભાવના રાખતા.

આ શામજી આતાનું જીવન એવું તે કેવું હશે ? કે જેથી તેમના પ્રત્યે સૌને સદ્‌ભાવ થતો અને સ્વયં આતા પણ સદાય સ્નેહથી ભરેલા રહેતા. એમના જીવનની એક સરસ કથા છે.

સરંભડા ગામમાં એક નાનકડું મંદિર. શ્રી સ્વામિનારાયણ મંદિર. આ મંદિરમાં દરરોજ ગામના હરિભક્તો દર્શન કરવા આવે. કોઈ સવારે દર્શન કરવા આવે, કોઈ સાંજે દર્શન કરવા જાય. એ સમયમાં સંતો જૂની રીતભાત પ્રમાણે જીવન જીવતા અને ગામ લોકોને સત્સંગ કરાવતા.

એક વખત આ ગામમાં સંતો પધાર્યા. સૌ ગ્રામજનો મંદિરમાં આવ્યા. સાયંકાળે આરતી-ધૂન-કીર્તન થયા પછી કથાની શરૂઆત થઈ. કથામાં એક સંતે ખૂબ સરસ રીતે વચનામૃતનું વાંચન કર્યુ.

શુદ્ધ ભાષા, સ્પષ્ટ ઉચ્ચારો અને મધુરા અવાજથી વંચાયેલી કથા સાંભળવાનું સૌને ખૂબ ગમ્યું.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું પહેલું વંચાયું. કથાવાંચન પૂરુ થયું એટલે એક વડીલ જેવા લાગતા સંતે આ વચનામૃત પર કથાવાર્તા કહેવાનું શરૂ કર્યુ.

"અખંડવૃત્તિ રાખે એને સુખ-શાંતિ-સંતોષ બધુ જ મળે અને એના ઉપર ભગવાન ખૂબ જ રાજી થાય. માણસના મનની વૃત્તિ જ્યાં-ત્યાં ભટક્યા કરે તો એ હેરાન હેરાન થઈ જાય છે. મનને સમજાવીને ભગવાનની મૂર્તિમાં રાખવું. હાલતા-ચાલતા ભગવાનનું નામ લેવાની ટેવ પાડવી. મન જો ભગવાનમાં લાગે તો બધા દુઃખ ભાગે. છોકરા-છૈયા કે ખેતીવાડી-ઘરબાર કે ઢોરમાં મન લાગી જાય તો આ મનુષ્યનો દેહ ખોટો થઈ જાય.

મનુષ્યના દેહે જ આપણા જીવનો મોક્ષ થાય. માટે શ્રીજી મહારાજ કહે છે, "મનને સતત ભગવાનમાં લગાવો. જીભથી વારંવાર સ્વામિનારાયણ - સ્વામિનારાયણ બોલતા રહો. ભગવાનને ભૂલો નહી. સતત યાદ રાખો."

સંતના મુખે સાદી ભાષામાં થયેલો ઉપદેશ બધાને ગમી ગયો. બધા માથું હલાવતા હલાવતા એ સમયે મનમાં મનમાં સ્વામિનારાયણ - સ્વામિનારાયણ બોલવા લાગ્યા.

શામજી આતાને પણ સાધુની વાત સારી લાગી, પણ 'અખંડવૃત્તિ' શબ્દ સમજાયો નહીં તેથી એણે જીજ્ઞાસાથી સંતને પૂછ્યું, "હે સ્વામી ! આપણે સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલ્યા કરીએ એ અખંડવૃત્તિ કહેવાય ?"

સંતને આ પટેલિયાની જિજ્ઞાસાવૃત્તિ પસંદ આવી એટલે એમણે પટેલને પાસે બોલાવ્યા અને કહ્યું, "જો પટેલ ! 'અખંડવૃત્તિ' રાખવી એ કઠણમાં કઠણ સાધન છે. એટલે કે ભગવાનનાં સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી એ ખૂબ જ અઘરી વાત છે; પણ અખંડવૃત્તિ રાખવા માટે

શરૂઆત તો ભગવાનનાં નામસ્મરણથી જ કરાય ને ! બધાને આવી વાત ન સમજાય પણ ભગવાનનું નામ લેવાની વાત તરત જ સમજાય જાય. તમે વાલિયા લૂંટારાની વાત તો સાંભળી જ હશે. માત્ર રામ-રામ-રામ નામજપ કરતા કરતા એ વાલિયા લૂંટારામાંથી વાલ્મિકી ઋષિ થઈ ગયા. એક સાધુ નારદજીએ એને કેવળ રામનામ લેતા શીખવાડ્યું, તો આવડા મોટા ઋષિમુનિ થઈ ગયા. એમ શ્રીજી મહારાજ આપણને ખૂબ મોટા જોવા ઇચ્છે છે; આપણે એના આશ્રિત છીએ એટલે એવું મોટું વરદાન આપવા માટે જ શ્રીજી મહારાજે આ પહેલા વચનામૃતમાં અઘરી વાત આદરી છે અને આપણને સૌને કીધું કે ભગવાનનાં સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખો. મનુષ્ય તરીકે આપણા મનની વૃત્તિ જ્યાં-ત્યાં ભટકતી હોય એને ધીમે ધીમે ભગવાનમાં જોડવા માટે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ નામ જપ્યા કરીએ તો ધીમે ધીમે ભટકતી વૃત્તિ પોતાના ઘેર આવે એટલે આપણા હૃદયમાં જ્યાં ભગવાન હમેશા બેઠા છે ત્યાં એ મનનની વૃત્તિ આવે છે. માટે હાલતા-ચાલતા, ખાતા-પીતા દરેક ક્રિયામાં જીભેથી સ્વામિનારાયણ...સ્વામિનારાયણ નામ બોલવાની ટેવ પાડી દેવી. જે નામ લઈએ, એ નામના નામી સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ છે તેથી જ્યારે નામ બોલીએ ત્યારે એના નામીનું સ્વરૂપ પણ યાદ આવે.''

સંતની સમજાવવાની રીત અને નિખાલસ રજૂઆત શામજી આતા સહિત સૌને ખૂબ જ પ્રિય લાગી. તેથી બધા પોતાની માળાના મણકે મણકે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધીમે ધીમે બોલવા માંડ્યા.

શામજી આતાએ ફરી સંતને પૂછ્યું; ''હે સ્વામી ! મનમાં તો ઘણું બીજું ચાલતું હોય અને આપણે મોઢેથી સ્વામિનારાયણ...સ્વામિનારાયણ... બોલ્યા કરીએ તો શું ભગવાન રાજી થાય?''

સંતે પ્રેમભરી નજરે શામજી આતા સામું જોઈને એના પ્રશ્નને આવકાર્યો અને ઉમેર્યું, ''હા પટેલ ! તમારી વાત એકદમ સાચી છે. મનમાં તો આખું જગત ભર્યું છે. એટલે એ મનમાંથી જ બધો કચરો બહાર આવે છે. પણ જીભથી 'સ્વામિનારાયણ' બોલીએ એટલે મન થોડું પાછું તો પડે. તમે આવી નામ લેવાની ટેવ પાડશો એટલે શરૂઆતમાં મન ખૂબ મુંઝાશે અને આ નામ લેવાનું બંધ કરવા તમને સમજાવશે કે ભાઈ પૂજામાં ક્યાં માળા નથી થતી ? સાંજે મંદિરે જાશું ત્યાં જેટલી માળા કરવી હોય એટલી કરી લેજે. અત્યારે તો કામકાજમાં ધ્યાન રાખો. એવી કાંઈક નવી નવી દલીલો સાથે મનજીભાઈ ખૂબ ધમપછાડા કરશે; પણ જો તમે તમારા જીવથી મક્કમ થઈને ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ લેવાનું ચાલું રાખશો તો મન મુંઝાઈને પછી શાંત થઈ જાશે અને તમને જીવમાં સ્વામિનારાયણ ભગવાનનાં નામનો પ્રતાપ અનુભવાશે. તમે આજથી જ આવી ટેવ પાડવાની શરૂઆત કરો.''

શામજી આતાને સમજાયું, તેથી હરખાયા અને ફરી સંતને પૂછ્યું; ''હે સ્વામી ! આ માળા તો પૂજામાં હોય કે મંદિરે હોય; તો હાલતા-ચાલતા નામ કેમ લેવાય ? આખો દિ' તો કામકાજ હોય એમાં માળા થોડી હારે ને હારે હોય !!!''

સંત મહાત્માએ સમજાવ્યું કે, ''પટેલભાઈ ! નામ તો જીભેથી લેવાય, માળા તો હાથમાં હોય, પણ ટેવ પાડવી જ હોય તો માળા આખો દિવસ હાથમાં રાખી શકાય. તમારે કાંઈ ખેતીકામ હોય કે જમણા હાથથી જ કામ કરવું પડે ત્યારે એ માળા થોડીવાર એક સ્થાને મૂકીને જીભેથી સ્વામિનારાયણ...સ્વામિનારાયણ જપ ચાલું રાખવો; કામકાજ પુરુ થાય એટલે ફરીથી માળા લઈ લેવી અને દરેક મણકે સ્વામિનારાયણ બોલવું.''

શામજી આતા બોલ્યા, ''પણ સ્વામી ! મારા હાથમાં આખો દિ' માળા થોડી શોભે ? બધા મને કેવો જાણે ? આ શામજી આતો તો ભારે ભગતડો થઈ ગયો લાગે છે !!! ઘડીવારેય માળા હેઠી મૂકતો નથી !!!''

સંત બોલ્યા, ''ગામલોકોને જે લાગે તે ભલે લાગે. જે કહેવું હોય તે ભલે બોલે; પણ તમે જો આવી ટેવ પાડશો તો તમારું જીવન બધાથી જુદા રંગે રંગાઈ જશે. તમે થોડા દિવસ અખતરો કરો અને પછી જુઓ ! તમારું મન શું કહે છે ? અને ગામલોકો શું બોલે છે ?''

સંતે પટેલને આગ્રહ સાથે આ વાત પૂરી કરી.

શામજી આતાને વાત સ્પર્શી ગઈ. વાત મનાઈ ગઈ અને સંતોને પગે લાગી, ઠાકોરજીના દર્શન કરીને મનમાં દૃઢ સંકલ્પ સાથે પોતાને ઘેર આવ્યા. સાંજનું વાળું પતાવીને પોતાની નિત્ય પૂજામાં રાખેલી માળા-ગૌમુખી બહાર કાઢીને રાત્રે પથારીમાં બેઠા બેઠા જ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... નામજપ માળા શરૂ કરી. સંતની વાણી હજી મનમાં ગુંજતી હતી. મુખમાં મહારાજનું નામ અને હૃદયમાં ધીમે ધીમે સ્વામિનારાયણ ભગવાનનું પ્રિય સ્વરૂપ આકાર લેવા લાગ્યું - પછી તો ક્યારે એમને નિદ્રા આવી ગઈ એ પણ ખબર ન રહી અને વહેલી સવારે ઉઠ્યા ત્યારે ખૂબ જ હળવાશ અને આનંદનો અનુભવ થવા લાગ્યો.

બસ એ દિવસથી શામજી આતાએ ભગવાન શ્રી

સ્વામિનારાયણનાં નામની માળા હાથમાં લીધી તે લીધી. કોઈની શરમ કે સંકોચ રાખ્યા વિના હાલતા-ચાલતા કામકાજ કરતા અખંડ સ્વામિનારાયણ નામ લેવા લાગ્યા. થોડા જ સમયમાં આ ભક્તને એવી ટેવ પડી ગઈ કે ગામમાંથી ખેતર તરફ જાય, ગામથી બીજે ગામ જાય કે દૂર-સુદૂર ગમે ત્યાં જાય, પણ હાથમાં માળા, મુખમાં નામ અને હૃદયમાં ભગવાન શ્રી હરિનું સ્વરૂપ.

વ્યાવહારારિક કામકાજમાં પણ સૂઝબુઝ વધવા લાગી. સૌ પ્રત્યે સ્નેહભાવ વધ્યો અને સૌને શામજી આતા પ્રત્યે ભક્તિભાવ પૂર્વક આદરભાવ ઉપજવા લાગ્યો.

શામજી આતા કોઈને મળતા હોય, વાતચીત ચાલું હોય તો પણ સ્વામિનારાયણ...સ્વામિનારાયણ નામ મુખમાંથી સતત વહ્યા કરતું હોય. આવી સ્થિતિ પ્રાપ્ત કરીને શામજી આતા ભગવાન શ્રી સ્વામિનરાયણનાં સ્વરૂપમાં નામ-નામી સાથે ક્યારે અખંડવૃત્તિ રાખવા લાગ્યા એની એમને પણ ખબર ન રહી.

શરીરની વૃદ્ધ અવસ્થા થઈ ત્યારે પણ શામજી આતાની સ્થિતિ અખંડ ભગવાનના સ્વરૂપમાં રહેતી અને એમને કોઈ પૂછે કે આતા ! તમારું ખેતર કેટલું દૂર છે ? તો આતા તરત જવાબ આપતા - બેટા ! ૧૦ માળા.

બાપા આપણા ગામથી બગસરા કેટલા ગાઉ થાય ? શામજી આતા કહે ૧૦૧ માળા. આ રીતે દરેક ક્રિયાના માપ શામજી આતાનાં અંતરમાં ભગવાનનાં નામ સાથે અને સ્વરૂપ સાથે જોડાઈ ગયા.

★★★★★

વચનામૃત કથામંગલ અંતર્ગત વચનામૃતની વાતોને સરળ રીતે સમજવા-સમજાવવા આ રીતે અનુભવીઓની વાર્તાનો આશ્રય લઈએ તો સરળતાથી સમજાઈ જાય છે.

શામજી આતાની આ વાર્તા ખૂબ જ સંક્ષેપમાં ઘણા વર્ષો પહેલા 'જનકલ્યાણ' માસિકમાં લખેલા લેખ 'ગીતામૃત'માં વાંચેલી. જેના લેખક પ્રાધ્યાપક મગનલાલ પંડ્યા છે. તેમાંથી અહીં થોડો વિસ્તાર કરીને આલેખી છે. સૌને ગમશે. આ પ્રકારના કોઈ અનુભવ કે એવી વાત આપના સાંભળવામાં આવી હોય તો ગુરુકુલ દર્શનમાં મોકલવા વિનંતી. એ વાર્તાને યથાયોગ્ય સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવશે.

વચનામૃત ગ્રંથને આગામી બે વર્ષમાં ૨૦૦ વર્ષ પૂરા થશે ત્યારે વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાશે. તે પહેલા આપણે ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત તરીકે વચનામૃતનું પાન કરીએ, વચનામૃતનાં સંદેશાઓ ઘેર ઘેર પહોંચાડીએ.

વચનામૃતમાં શ્રીહરિના કૃપાવાક્યો...

- ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનું મહાત્મ્ય જાણવું એ બે અસાધારણ મોક્ષના હેતુ છે.

- હેત તો જેમ દેહના સંબંધી સંગાથે છે, તેવું ભગવાનને વિષે હેત કરવું.

- મોટા પુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય, તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય .

- પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે અને એમ જાણે જે એ સર્વ ભકત મોટા છે ને હું તો સર્વથી ન્યૂન છું એમ જાણે ને હરિભકતનો દાસાનુદાસ થઈ રહે અને એવી રીતે જે વર્તે તેના સર્વ વિકાર નાશ પામે અને તેને દિવસે દિવસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે શુભ ગુણ તે વૃદ્ધિ પામતા જાય છે.

- સર્વ સાધન કરતાં વાસના ટાળવી એ સાધન મોટું છે.

- તપાસ કરતો કરતો જગતની વાસનાને ઘટાડતો જાય ને ભગવાનની વાસનાને વધારતો જાય. તોણે કરીને એને પંચવિષયને વિષે સમબુદ્ધિ થઈ જાય છે.

- એક તો આત્મનિષ્ઠાની દૃઢતા જોઈએ અને બીજું પંચવિષયનું તુચ્છપણું જાણવું જોઈએ.

- આત્મનિષ્ઠા વિના બીજા અનેક ઉપાય કરે, તો પણ ધીરજ રહે નહિ.

- ટાઢ, તડકો, ભૂખ, તરસ, માન, અપમાન, સુખ, દુઃખ તે રૂપી જે નદી તેને તો આત્મનિષ્ઠાવાળો હોય તે તરી જાય.

- અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે.

- પાકો ભકત હોય ને ભગવાન વિના બીજું કાંઈ ન ઈચ્છે ને નિર્વાસનિક એવો એકાંતિક ભકત હોય, તો ભગવાન પોતે તે ભકતને વશ થઈ જાય છે.

- ભગવાને તો બળીરાજાને ક્ષણમાત્ર બાંધ્યો હતો અને ભગવાન તો એની ભક્તિરૂપી દોરીએ કરીને બંધાયા છે તે આજ દિવસ સુધી પણ અખંડ ભગવાન બળીને દરવાજે ઊભા છે.

- જેને જે સંગાથે સંબંધ હોય તેના ગુણ તેમાં સહેજે આવે છે.

- જે જીવ આસુરી અને અતિ ક્રૂપાત્ર હોય તે ભગવાનને સમીપે આવે તોય પણ પોતાના સ્વભાવ મૂકે નહીં.

- ભગવાનના ભકત હોય તેને અતિશય ગરીબપણું પકડવું, પણ કોઈનું અપમાન કરવું નહીં.

- એક કીડી જેવા જીવને પણ દુભવવો નહીં, એ જ નિર્માની સાધુનો ધર્મ છે.

- કર્મના ફળપ્રદાતા જે પરમેશ્વર તે એ જીવને જ્યારે કર્મફળને ભોગવાવે છે, ત્યારે જીવ ભોગવે છે.

ધર્મનો મર્મ

- સાધુ મુનિવત્સલદાસ

ધર્મો રક્ષતિ રક્ષિતઃ । જે ધર્મનું રક્ષણ કરે છે, ધર્મ તેનું રક્ષણ કરે છે. માનવતા જેવો મોટો કોઇ ધર્મ નથી. માનવતા ધાર્મિક મૂલ્યોની જનની છે. માનવતા જ માનવીને મહાન બનાવે છે. કવિ કાલેલકરે કહ્યું છે કે, 'હું માનવી માનવ થાઉં તો ઘણું.' આજે આધુનિક યુગમાં ઘણા લોકો ડોક્ટર થાય છે, વકીલ થાય છે, એન્જિનિયર થાય છે, શિક્ષક થાય છે પણ ભાગ્યે જ કોઇ માનવ બનવા પ્રયત્ન કરે છે. માનવ તરીકે જન્મ મળી જવાથી માનવીય ગુણો મળી જતા નથી, માનવતાના ગુણો કેળવવા પડે છે.

જંગલોમાંથી કાપેલા લાકડાને ઘરમાં ગોઠવવા માટે ફર્નીચરનો યોગ્ય ઘાટ આપવો પડે છે, એમ જીવનને ઉચ્ચત્તમ અને આદર્શ બનાવવા માટે ધાર્મિક મૂલ્યોનું સિંચન કરવું પડે છે.

ધર્મ જીવનને સાચી દિશા આપે છે. દિશાવિહોણું દોડવું નકામું છે, એમ ધર્મ વિનાનું જીવન પણ નિરર્થક છે. ધસમસતા પાણીના પ્રવાહને યોગ્ય દિશા આપવામાં આવે તો એ સર્જનાત્મક પ્રવૃત્તિમાં પરિણમે છે પણ જો એ જ પાણીનો પ્રવાહ દિશાવિહીન દોડવા માંડે તો વિનાશને નોતરે છે. જીવનનું પણ કંઇક આવું જ છે. શાસ્ત્રસંમત સાચી દિશામાં જીવનની ગતિ થાય તો તે સમગ્ર સમાજ માટે ઉપકારક નીવડે છે. પણ ધાર્મિક મૂલ્યોને નેવે મૂકી મનમુખી દિશામાં ગતિ કરનાર સ્વયંનો તો વિનાશ નોતરે છે અને બીજા અનેકને તેની અસર થાય છે. માટે મનમુખી જીવન જીવવા કરતા મહાપુરુષોની સન્મુખ થઈ ચાલવું તે શ્રેષ્ઠ છે.

ધર્મ એ કોઈ બંધન નથી, અને સંકુચિતતાના વાડામાં બાંધી રાખે તે ધર્મ પણ ન હોય. આપણી આર્ય સંસ્કૃતિ તો સમગ્ર વિશ્વને એક પરિવારની જેમ જોવાની પ્રેરણા આપે છે. આ મારો અને આ તારો એ તો લઘુતાગ્રંથિથી બંધાયેલા ક્ષુલ્લક પુરુષોની માન્યતા છે. ભારતવર્ષના મહાન ઋષિઓએ તો સમગ્ર વિશ્વને એક પરિવાર માન્યો છે.

અયં નિજઃ પરો વેત્તિ ગણના લઘુચેતસામ્ ।
ઉદારચરિતાનાં તુ વસુધૈવ કુટુમ્બકમ્ ॥

ધર્મનો સીધો-સાદો અર્થ છે સદાચાર. અંધશ્રદ્ધાથી આચરેલા ધર્મને સદાચાર ન કહેવાય. ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં કહ્યું છે, 'ધર્મો જ્ઞેયઃ સદાચારઃ શ્રુતિસ્મૃત્યુપપાદિતઃ ॥' 'વેદ અને સ્મૃતિ શાસ્ત્રોએ પ્રમાણિત કરેલો એવો જે સદાચાર તેને ધર્મ જાણવો.'

અંધશ્રદ્ધાથી થયેલા આચરણને સદાચાર ન ગણી શકાય. અંધશ્રદ્ધા એ માનવની પોતાની ખામી છે. આજે માણસ દરેક ક્ષેત્રમાં જાગૃતિ સાથે જોડાય છે ત્યારે ધર્મના ક્ષેત્રની એમાંથી બાદબાકી શા માટે હોઈ શકે ? પરીક્ષણ વિનાનો પ્રવેશ ક્યારેક મોંઘો પૂરવાર થાય છે. ધર્મના ક્ષેત્રમાં પ્રવેશ મેળવતા પહેલા જાગૃતિ પૂર્વકનો વિચાર આવશ્યક છે. જેમ ડ્રાઇવરની ગાફલાઈથી થયેલી ભૂલ બધા જ મુસાફરોને ભોગવવી પડે છે, તેમ ઘણી વખત ધર્મગુરુઓના અપ્રામાણિક અને શણગારેલા શબ્દો નિર્દોષ સમાજનો ભોગ લે છે. વાહનમાં બેસતા પહેલા કે ટીકીટ લેતા પહેલા પેસેન્જરની પણ ફરજ છે કે ડ્રાઇવરની યોગ્યતા ચકાસવી. અંધશ્રદ્ધાથી ધર્મક્ષેત્રમાં પ્રવેશેલા પેસેન્જરને ક્યારેક ધર્મગુરુની ભૂલનો ભોગ બનવું પડે છે.

કોઈ વ્યક્તિ વ્યવહારિક ધંધા-રોજગાર કે ભાગીદારીમાં કોઇ છળ-કપટનો ભોગ બને છે, તોપણ તે અર્થોપાર્જનના કાર્યને છોડી દેતો નથી અને નકારતો પણ નથી, ઉલ્ટાનો પૂર્ણ જાગૃતિ સાથે પુનઃ પ્રવૃત્ત થાય છે. શું એવું ધર્મક્ષેત્રમાં શક્ય ન બને ? રાત્રિના અંધકારમાં અથડાઈ જવાથી સૂર્યના અસ્તિત્ત્વને નકારી ન શકાય. એમ ધર્મક્ષેત્રમાં પણ અથડામણ થયા જ કરે છે, પણ એનાથી સાચા સદાચારી સદ્‌ગુરુઓનું

સાનિધ્ય નકારી ન શકાય.

લાંબા કાળની ગુલામી ભોગવ્યા પછી આઝાદી મળવા છતાં પણ ધર્માંધતાને કારણે જ ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા. લાખો માણસો ઘરબાર વિનાના નિરાશ્રિત થયા અને કેટલાંય લોકો પશુની જેમ ક્રૂર રીતે મરાણા. આવી ધર્માંધતાને કારણે જ ઈઝરાયેલ અને આરબો વચ્ચે અનેકવાર યુદ્ધો થયા અને લોહીની નદીઓ વહી. યુરોપના કેથલીક પ્રોટેસ્ટંટ અને બીજા સંપ્રદાયો વચ્ચે અનેકવાર ધર્મયુદ્ધો થયા અને કેટલાય લોકો રીબાઈ રીબાઈને મર્યા. જર્મનીના નાઝીઓએ લાખો યહુદીઓને ગેસ ચેમ્બરોમાં ગૂંગળાવીને મારી નાખ્યા, એ ધર્માંધ પ્રજાનું જીવતું-જાગતું ઉદાહરણ છે. કેટલાક લોકો તો આજે પણ એક હાથમાં ધર્મગ્રંથ અને બીજા હાથમાં અસ્ત્ર-શસ્ત્ર લઈ વિપક્ષી ધર્મો પર એક શેતાનને પણ શરમાવે એવા કરતૂતો આચરે છે.

ધર્મની પરિભાષા સમજવી કઠિન છે. શિસ્ત, પ્રામાણિકતા, સત્ય, અહિંસા આદિ સદાચાર ધર્મના શાશ્વતમૂલ્યો છે. સમય બદલે, કદાચ સ્થાન પણ બદલે પણ માનવજીવનના આ શાશ્વત મૂલ્યો હંમેશા જે-તે સમય અને પરિસ્થિતિને પ્રાસંગિક જ રહેશે. આજે આધુનિક યુગમાં પણ આ શાશ્વત મૂલ્યોને નકારી શકાય તેમ નથી. આજે સાધન-સગવડતાઓ વધી, મોજ-શોખના સાધનો વધ્યા પણ ધર્મના એ શાશ્વત મૂલ્યો એટલા જ આવકાર્ય છે. વિજ્ઞાન અને ટેકનોલોજી કદાચ સાધન-સગવડતા પૂરા પાડશે પણ એ સાધનોને વાપરવાના વિવેક માટે તો ધર્મનો જ આશરો લેવો પડશે.

માનવ જીવનના ચાર પુરુષાર્થોમાં ધર્મ એક એવું સોપાન છે કે જેના પાયા પર અર્થ, કામ અને મોક્ષની ઈમારત ઊભી કરી શકાય. પાયા વિનાના ભવનની કલ્પના ન કરી શકાય. બિલ્ડીંગ ગમે તેટલું ઊંચુ હોય પણ એનો આધારસ્તંભ એનો પાયો છે. આકાશને આંબતી મસ્જિદો, ચર્ચો કે મંદિરો સર્જવાથી ધર્મના પાયા મજબૂત નથી થતા કે કાન ફાડી નાખે એવા હાકલા-પડકારા કરી કરીને પ્રવચનો કે વ્યાખ્યાનો આપવાથી ધર્મની શાખા મજબૂત નથી બની જતી. ધર્મમય જીવનથી જ ધર્મના પાયા મજબૂત બને છે અને એવા મજબૂત પાયા ઉપર સર્જાયેલી ધાર્મિક ઈમારત લાંબા સમય સુધી ટકી રહે છે.

ધર્મની વ્યાખ્યાઓ કરવી સહેલી છે પણ એને જીવનમાં ચરિતાર્થ કરવી કઠિન છે. ધર્મ ક્રિયાત્મક બને એટલે કે ધર્મમય જીવન જીવવામાં આવે ત્યારે એ ધર્મનું સાચું કલેવર બને છે. આજે સામાજિક ક્ષેત્રે અને ધાર્મિક ક્ષેત્રે વાણીનો વિલાસ વધ્યો છે પણ વર્તન ઘટતા જાય છે. ધર્મ રૂપી પ્રાણતત્ત્વ વર્તનના કલેવરમાં જ શોભે. જેના વિચાર, વાણી અને વર્તન ધર્મની એરણ ઉપર ટકી રહે તે ધાર્મિક પુરુષ છે. જીવનમાં વિચાર, વાણી અને વર્તનની એકસૂત્રતા સધાય ત્યારે ત્રિવેણી સંગમ સર્જાય છે અને એવા પુરુષના યોગમાં આવનારમાં વિના ઉપદેશે પણ આમૂલ પરિવર્તન આવે છે. ધર્મપરાયણ જીવન જીવનારા પુરુષના યોગમાં આવનાર ક્રૂર માણસ પણ કરુણાથી ભરાય જાય છે. ધર્મપરાયણ જીવન જીવનાર નારદજીના ક્ષણિક યોગથી ચોર-લૂંટારો વાલીયો પણ વાલ્મિકી ઋષિ થઈ ગયો. જેના નામથી ગાયકવાડ સરકાર અને ભાવનગર સ્ટેટના હોદ્દેદારો ધોળે દિવસે ધ્રૂજતા એવા જોબન પગીને ભગવાન શ્રી સ્વામિનારાયણનો યોગ થયો તો પાપી મટી પુણ્યશાળી બની ગયો. આવા તો અનેક ઉદાહરણો ઈતિહાસના પાને ધરબાયેલા છે.

રામાયણનો એક સુંદર પ્રસંગ છે. વાત ભગવાન શ્રીરામચંદ્રજીના વનવાસની છે. એકવાર લક્ષ્મણજી જંગલમાં ફળફૂલ લેવા માટે ગયેલા. ભગવાન શ્રીરામચંદ્રજી દેવી સીતાજી સાથે ચિત્રકૂટમાં પર્ણકુટીની બહાર બિરાજમાન હતા. બન્ને દંપતિ વચ્ચે પરસ્પર સ્નેહપૂર્ણ વાર્તાલાપ ચાલી રહ્યો છે, એવામાં સીતાજી રામચંદ્રજીના ચરણ તરફ અંગુલીનિર્દેષ કરી કહેવા લાગ્યા, "તમારા ચરણ કરતાં મારા ચરણ સુંદર છે." સીતાજીની વાત સાંભળી રામચંદ્રજી કહેવા લાગ્યા, "ના દેવી ! તમારા ચરણ કરતાં તો મારા ચરણ સુંદર છે." સીતાજીએ હઠ લીધી, "ના દેવ ! એવું નથી, મારા ચરણ તમારા ચરણ કરતા વધારે સુંદર છે."

આમ, કોના ચરણ સુંદર છે ? એવો પરસ્પર મીઠો સ્નેહપૂર્ણ કલહ ઊભો થયો એટલે બન્નેએ નક્કી કર્યું કે લખનલાલજી આપણા બન્નેના ચરણની નિત્ય વંદના કરે

છે, તો તેને જ પૂછીએ અને એ કહે તે સત્ય.

આમ વાતચીત કરે છે ત્યાં લક્ષ્મણજી જંગલમાંથી ફળફૂલ લઈને પધાર્યા એટલે રામચંદ્રજી કહેવા લાગ્યા, "લક્ષ્મણ ! મારા અને દેવી સીતાના ચરણમાંથી કોના ચરણ સુંદર છે?" ત્યાં સીતાજીથી રહેવાયું નહીં અને એ પણ બોલ્યા, "જુઓ, જુઓ! મારા ચરણ જ સુંદર લાગે છે ને!"

લક્ષ્મણજી મૂંઝવણમાં મૂકાયા. કારણ કે, જો દેવી સીતાજીના ચરણ સુંદર કહે તો સીતાજી તો પ્રસન્ન થાય પણ રામચંદ્રજીને અસંતોષ થાય અને પ્રભુ શ્રીરામના ચરણ સુંદર કહે તો સીતાજીને ઓછું આવે એટલે લક્ષ્મણજીએ થોડીવાર મૌન સેવ્યું.

સીતાજીની ધીરજ રહી નહીં, એમણે ફરીથી પૂછ્યું, "કેમ કંઈ જવાબ ન આપ્યો ? બોલોને કોના ચરણ સુંદર છે?"

હવે લક્ષ્મણજીને જવાબ આપ્યા સિવાય છૂટકો નહોતો. એમણે બન્નેના ચરણોમાં વંદન કર્યા અને મધ્યમમાર્ગ વિચારી સીતાજીના ચરણોની પ્રશંસા કરતા હોય એમ રામચંદ્રજીના ચરણ સામે અંગુલી નિર્દેશ કરીને કહેવા લાગ્યા, "મૈયા! આ ચરણથી આ ચરણ સુંદર છે."

રામચંદ્રજીના ચરણ કરતા સીતાજીના ચરણ સુંદર છે, એવો લક્ષ્મણજીનો જવાબ સાંભળી દેવી સીતાજી પ્રસન્ન થયા પણ લક્ષ્મણજીએ વાત પૂરી ન કરી, લક્ષ્મણજીએ કહ્યું, "માતે ! આ ચરણથી આ ચરણ સુંદર છે એટલે મારા પ્રભુ શ્રીરામના ચરણને લીધે આપના ચરણ શોભે છે."

લક્ષ્મણજીની વાત સાંભળી રામચંદ્રજી પણ મંદ મંદ હસવા લાગ્યા. બન્ને દંપતિના મુખ પર સ્મિત જોઈ લક્ષ્મણજીએ પોતાની વાતમાં ઉમેરો કરતા કહ્યું, "માતે ! હજુ વાત અધૂરી છે. આ ચરણથી આ ચરણ સુંદર છે એટલે તમારા સારા આચરણથી બન્નેના આ ચરણ સુંદર છે."

લક્ષ્મણજીની વાત સાંભળી પ્રભુ શ્રીરામ અને દેવી સીતાજી ખૂબ પ્રસન્ન થયા. લક્ષ્મણજીએ પુનઃ પ્રભુ શ્રીરામ અને દેવી સીતાજીના ચરણોમાં વંદન કર્યા.

ખરેખર રામાયણનો આ પ્રેરક પ્રસંગ સમગ્ર માનવસમુદાયના આચરણને ઉજાગર કરનારો છે. ધર્મ આચરણથી જ શોભે છે. ધર્મ આચરણ કરવા માટે હોય છે, ઉપદેશ માટે નહીં.

જેનું વર્તન વાતો કરે એવા સદાચારી સંતોના સર્જક હતા ભગવાન શ્રી સ્વામિનારાયણ. આજે પણ પૃથ્વી વાંઝણી નથી. શ્રીજી મહારાજે વડતાલના ૧૯ માં વચનામૃતમાં કહ્યું છે કે, આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો જીવને ઓળખાણ થાય તો જીવ ભગવાનનો ભક્ત થાય છે.

આચાર્ય મહારાજ શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજે કહ્યું હતું કે, "શાસ્ત્રીજી મહારાજે સંપ્રદાયને ધર્મવાળા સારા સાધુ આપ્યા છે. એ અતિ મહત્વની વાત છે."

દિવાથી દિવો પ્રગટે એમ સદ્‌ગુરુઓના આદર્શ જીવનથી જીવન ઘડાય છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના અનુગામી સદ્‌ગુરુઓનું સાનિધ્ય ગુરુકુલ પરિવારને મળ્યું છે, એ બહુ મોટા ભાગ્યની વાત છે.

ધર્મ વિશે વચનામૃતના અમૃત વચનો...

લક્ષણ : ધર્મવાળા જે માણસ હોય તે ચોરી તથા પરસ્ત્રીનો સંગ તથા ચાડીચુગલી એ આદિક સર્વપાપનો ત્યાગ કરીને પરમેશ્વરથી કરીને ધર્મમર્યાદામાં ચાલે છે. - (સા. ૧૦)

મહત્તા : સ્વધર્મ ન હોય તો આત્મનિષ્ઠા, પ્રીતિ ને વૈરાગ્યની સિદ્ધિ થતી નથી. - (પ્ર. ૧૯)

- ધર્મને વિષે દૃઢતા થાય ત્યાર પછી ઉપાસનાના ગ્રંથનું શ્રવણ કરે ત્યારે એને જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય એ ગુણો પ્રાપ્ત થાય.-(લો. ૯)
- ધર્માદિક અંગનું સહાયપણું ન હોય તો વિષમ દેશકાળાદિકે કરીને ભક્તિને વિષે વિઘ્ન જરૂર થાય છે. - (મ. ૩૬)
- જે વૈરાગ્યવાન ને ધર્મવાળો હોય તેને તો સર્વ ઈન્દ્રિયો નિયમમાં હોય ને સદાય સુખિયો હોય. - (અં. ૮)

પ્રકાર : ધર્મ બે પ્રકારના છે. એક નિવૃત્તિ ધર્મ છે ને બીજો પ્રવૃત્તિ ધર્મ છે. તે એ બે પ્રકારનો ધર્મ ભગવાનના સંબંધે સહિત છે ને ભગવાનના સંબંધે રહિત પણ છે.- (ગ.અં. ૬૧)

- સર્વ ધર્મ ભગવાનની મૂર્તિને આધારે રહ્યો છે. -(ગ. મ. ૧૬)
- જે સ્વરૂપનિષ્ઠા રાખે તેને ધર્મનિષ્ઠા સહેજે જ રહે.-(ગ. મ. ૧૬)
- પોતાના ઈષ્ટદેવે જે જે આચરણ કર્યા હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય. - (ગ. મ. ૫૮)
- જેને પરમેશ્વરના વચનની ખટક રહે અને નાનું મોટું વચન લોપી શકે નહિ તેને ગમે તેવો આપત્કાળ પડે તો પણ ધર્મ થકી પડે જ નહિ. - (પ્ર. ૫૭)
- જેને ભગવાન ને ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ છે તેને જીવતે તો અધર્મનો ત્યાગ કરીને ધર્મને વિષે રહેવાય છે. (ગ. મ. ૬૬)
- વચનથી આગળ પગ માંડીને અધિક પણ ન વર્તે અને ઓછો પણ ન વર્તે તેને જાણીએ જે એ ધર્મમાંથી આપત્કાળે પણ નહીં પડે. - (ગ. અં. ૬૭)
- એકલો જે સ્વધર્મ તેણે કરીને પણ તે (આત્યંતિક કલ્યાણરૂપ) કાર્ય સરતું નથી. - (પ્ર. ૧૯)

જો પત્ર પ્રભુને લખું તો...

- હિતેન્દ્ર કાલરિયા

વ્હાલા વ્હાલા અખીલ બ્રહ્માંડાધિપતિ!

સર્વનિયંતાના સંબોધનો આપવા કરતા જ્યારે આ તારો ને મારો અંગત પત્ર છે ત્યારે હું તો પ્રિય પ્યારા જ કહીશ.

આશા રાખું છું કે તુ તો મજામાં જ હોઈશ... અરે નહીં, ખાતરી રાખું છું કે સહજાનંદ, સચ્ચિદાનંદ નામે ઓળખાતો તું તો પરમાનંદમાં જ હોઈશ. અને મારું જાણવા માંગતો હોય તો.. કહું. કહું ને !!! તો સાંભળ... તને યાદ કરી કરીને તો મારી કલમને પણ વસંતઋતુ આવે છે ને નાની કવિતાઓ રૂપી પુષ્પો પણ ખીલે છે. કદાચ ગમશે તને...મારી વાત જવા દે પ્યારા! મને એ કહે, તું મને યાદ કરીને કવિતાઓ લખે છે? ભૂલી તો નથી ગયો ને?

સોરી હો !!! તારો ને મારો તો કેટલોય જૂનો જૂનો સંબંધ છે. એ તો થોડાં આપણે એકબીજા ભૂલીએ. ત્યારે જ તો 'તૂ' તારી બનાવેલી મારા માટેની કવિતા દરરોજ મારાં અમદાવાદનાં ભાડાનાં મકાનની બહાર ઝુલતાં તાર પર ડોલતાં પંખીઓ દ્વારા 'કિલ્લોલ'નાં સરનામે મોકલે છે. ખરેખર !!! ખૂબ જ સરસ કવિતાઓ બનાવે છે હો 'તું.' તારા જેવી કવિતા બનાવનાર બીજું ક્યાં છે કોઈ...

અરેરે... પૂછવાનું તો રહી ગયું કે, તને સમજાય તો છે ને મારી ભાષા?? સંભળાય તો છે ને મારું મૌન??

હં...સમજાતું તો હશે જ ને, ત્યારે જ તો અંતરને સમજણના પ્રકાશથી ને ક્યારેક જીવનનાં મૌનમાં પણ સંગીતના બધા સૂરો રેલાવે છે. બધા જ ઉકેલોને પોતાની પાસે રાખનાર તને મારાં અક્ષર ન ઉકલે તો કે'જે.

એ... પ્રભુ! તને કોઈને મળવું નથી ગમતું?? ક્યારેય કોઈને મળવાનું મન નથી થાતું?? થતું હોય તો આવને... મને મળવા. હું તો તવઘેલો બની કહેવાતાં તારા સરનામે સરનામે ગયો. ત્યાં તારો અહેસાસ એવં અનુભવ તો થયો, પણ મને તો...એવું નહીં. મારે તો તને બાથમાં લઈને મળવું છે. (**Morden** રીતે **Write** કરું તો **Hug** કરીને મળવું છે.)

એ..પ્રભુ! સાચું કહું તો તારાં સરનામે (મંદિરે) તો લાઈનમાં જવું પડે, શિસ્ત રાખવું પડે. એકવાર આવને... સાવ બિંદાસ રીતે મળીએ, સહજ રીતે મળીએ, કારણ વગર જ અમસ્તાં મળીએ.... હા પ્રભુ, ભેરૂબંધો એકબીજા જોડે વાતવાતમાં હસી-મજાક કરતાં હોય તેમ તારી જોડે હસી પણ લેવું છે ને તારાં ખભે માથું રાખી રડી પણ લેવું છે. ચાલને થોડું હળી-મળી લઈએ, થોડું રખડી લઈએ... હવે બહુ ભાવ ન ખાતો...બસ, જ્યાં ફરવાં જઈશું ત્યાંનું રીક્ષાભાડું હું આપી દઈશ. બોલ આવીશ ને?

હું તારે લાયક છું કે નહીં? એ તો ખબર નહીં, પણ ખબર છે એટલી કે પ્રેમમાં તાકાત છે બધું જ બદલવાની. તો તું પણ આ નાલાયકને પ્રેમ કરીને તારે લાયક બનાવજે. વિચારે છે શું?? અરે કાઠિયાવાડી છું. એકવાર તો મળવા આવ, ફરી આવવાનું મન થશે જ. યાદ કર પહેલો દૂહો...

કાઠિયાવાડમાં કો'કદિ ભૂલો પડ ભગવાન,
તું થા મારો મે'માન તને સ્વર્ગેય ભૂલાવું શામળા.

તો હવે મોડું ના કરતો હો... આવી જજે. તારી વાટ જોવ છું... અને હાં, તું તો સાવ મારો અંગત છે, તારી આગળ કરેલી કબૂલાતો, તારી પાસે કરેલી યાચનાઓ કે માંગેલી માફીઓ એ આખાં જગતમાં માત્ર તે જ સાંભળેલી 'આત્મકથા' જ તો છે મારી.

આ બધું કાંઈ તને સાબિત કરવાં નથી કહેવું, તને સારું લગાડવા પણ નથી કહેવું. વિશેષ તો બસ મારે તારા થઈને જ રહેવું... આમેય તારો જ તો છું. ત્યારે જ તો જીવું છું. ત્યારે તો અહેસાસ કરાવે છે... 'તું શોધીશ તારી આસપાસમાં હું તો છું તારા શ્વાસમાં...'

પણ છતાંયે મારે તો તને મારી સામે જોવો છે...
સાકાર, હસતો, રમતો, બોલતો, પ્રેમ કરતો.

બસ હવે બોવ થયું વાલા! સંતામણી દાવ રમવાનું બંધ કર!! સામે આવીને મળ.

માણસ હોવાનો થાક તારા ખોળામાં માથું રાખીને ઉતારવો છે. તું પણ તારા ઈશ્વર હોવાનો ભાર ઉતારીને આવને...

હવે રાહ જોવ છું... ક્યારેક તો મેસેજ મળશે તારો મોબાઈલમાં કે પછી સરનામાં વાગરની ટપાલ મારા સરનામે તારા હસ્તાક્ષર સાથે આવશે કે પછી 'તું' જ આવી જઈશ?

અને હાં ચિંતા ન કરતો..

"મારી પ્રાર્થના નહીં લાવે તને ચિંતામાં
મારે તો સ્થાન જોઇએ તારા હૈયામાં"

લી. તને પ્રેમ કરનાર....

જાગને જાદવા...

- અરવિંદભાઇ પી. મહેતા

શીર્ષક વાંચતા જ આપણા આદ્યકવિ નરસિંહ મહેતાનું સ્મરણ થાય છે. જો કે શીર્ષકનાં શબ્દોથી શરૂ થતુ ભજન છે અને તેને આપણે સહુએ એક ભજન તરીકે જ સ્વીકાર્યું છે. પ્રસ્તુત ભજનને પહેલી નજરે જોતા લાગે છે કે તે અતિ સામાન્ય વાત રજૂ કરે છે. જે રોજિંદી પ્રવૃત્તિ છે તે કરવાના સંદર્ભમાં જાદવાને જાગવાનું કહે છે. છતાં તેમાં જીવનનો મહત્વનો બોધપાઠ સમાયેલો છે. તેની વાત કરવાનો ઉપક્રમ છે.

જાદવા શબ્દ યાદવ ઉપરથી આવ્યો છે. આપણે ત્યાં યાદવજીને સ્થાને જાદવજી એવું નામ જોવા મળે છે. યાદવજી એ યાદવ અટક સાથે 'જી' લગાડી માનાર્થે બોલવામાં વપરાય છે. જાદવા શબ્દ દ્વારા કવિ ખુદ ભગવાન કૃષ્ણને લાડમાં સંબોધે છે. એટલે જાદવા એટલે ભગવાન અને ભગવાન એટલે જાદવા. માણસમાં જાદવાનો વાસ છે એટલે માનવીને પણ એક સંદેશ આપવામાં આવે છે. માનવીમાં ચેતના છે કામ કરવાની, વિચારવાની, લખવાની એવી અનેક શક્તિઓ છે. સર્જનહારે માનવશરીરની રચના અદ્‌ભૂત બનાવી છે. સ્વયં સંચાલિત યંત્ર સમાન તે સતત કામ કરે છે. જુદા-જુદા અંગો પોત પોતાનું કાર્ય કોઈની સાથે હરિફાઇ કરીને કોઈને દુઃખી કરીને કે કોઈની આડે આવ્યા વિના કરે છે. એટલે કે પ્રત્યેક અંગ સ્વતંત્ર, બિન સ્પર્ધાત્મક અને પુરી ક્ષમતાથી કામ કરે છે. હા, એ ખરૂ કે ઉંમર વધવાની સાથે તેની ક્ષમતા ઘટે ખરી. આ સંદર્ભમાં 'જાદવા' શબ્દને સમજવો જરૂરી છે.

દુનિયામાં બે વસ્તુ જ સનાતન છે. એક બ્રહ્માંડ અને બીજી માનવીય મુર્ખતા. સર્જનહારે બ્રહ્માંડની રચના કરી, જે સૌથી સુંદર છે. તેમાં મૃત્યુલોકની રચના થઇ. જે તે કારણે કદાચ માનવીય મુર્ખતાને સનાતન કહેવાની હિંમત થઇ હોય. જીવન મળ્યું પરંતુ જિન્દગી જીવતા ન આવડી એટલે કે આપણે જીવન માણી શક્યા નહિ. શબ્દ બ્રહ્મ છે, અન્ન બ્રહ્મ છે, છતા આપણે વિચારીને બોલતા નથી. વિચારીને કે વિવેક પૂર્વક ખાતા નથી. આપણા વ્યવહારમાં, સંબંધોમાં પણ આવું જોવા મળે છે. આ માટે આપણે સજાગ, સાવધ રહેવાનું છે. આપણે જાગરણ કરીએ છીએ, ઠીક છે પરંતુ જાગરુકતા કેળવવાની છે. જાગરુકતા કેળવવાથી આપણે જીવન સારી રીતે માણી શકીએ એ જ તેનો ફાયદો છે. એ જરૂરી છે.

નરસિંહ મહેતા રચિત ભજનનો આધાર લઈને આ લખાઈ રહ્યું છે, ત્યારે એ ભજનની આગળની પંક્તિઓ પણ ધ્યાનમાં લઈએ. બીજી પંક્તિ છે 'કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ધેનુમાં કોણ જાશે !' આ પંક્તિઓમાં પણ મહત્ત્વનો સંદેશ છુપાયેલો છે. જેમ કે કૃષ્ણને ગોવાળિયા તરીકે નિરૂપીને એમ કહેવાનો આશય છે કે તેને ગાયોને ચરાવવા જવાબદારી સોંપી છે. ગાયો ચરાવવા લઈ જાય તે સાથે ગોવાળ ગાયોનું રક્ષણ પણ કરે છે. જે જવાબદારી સોંપી છે તેનું ઉત્તરદાયિત્વ પણ સંભાળવું પડે.

કૃષ્ણ ભગવાન છે. આપણે સહુ માનવ-સામાજિક પ્રાણીઓ છીએ. એટલે તો કહીએ કે ભગવાને દાંત આપ્યા છે તો તે ચાવણું પણ આપશે. ભગવાન કોઈને ભૂખ્યા સુવાડતો નથી. ઈશ્વરે આપણને જીવન જીવવા માટે અનેકાનેક વસ્તુઓ આપી છે. છતાં આપણે તેની પાસે માગ્યા જ કરીએ છીએ. આપણે અભાવના ચક્કરમાં ફસાયા છીએ. આપણને સંતોષ નથી. બીજો અર્થ એ છે કે દરેકે પોતાનું કે તેને સોંપેલું કામ સમયસર અને પૂરી લગનીથી પ્રામાણિકપણે કરવાનું હોય છે. આ પણ એક પ્રકારની જાગૃતિ જ છે. માત્ર આપણે તેની સમજ કેળવવાની છે. જ્ઞાની પુરુષ ઉપાધિની વિષમતામાં સમતત્ત્વનું દર્શન કરે છે.

જાગને જાદવા - જાગ્રત થા. ઊંઘમાંથી ઉઠવાની માત્ર વાત નથી, પરંતુ ઉઠ્યા પછી જે જાગ્રતતાની વાત છે, તે મહત્ત્વનું છે. 'નિર્દોષં હિ સમં બ્રહ્મ' એટલે બ્રહ્મ નિર્દોષ અને સમ છે. બ્રહ્મ એટલે પરમાત્મા. સર્વમાં સમાન ભાવે રહેલો છે અને એટલે જ એ નિર્દોષ છે. આપણે આવું માનતા નથી અથવા આપણે તેના જેવા નિર્દોષ કે સમ નથી. 'સમોહં સર્વભૂતેષુ, ન મે દ્વેષ્યોસ્તિ ન પ્રિયઃ' હું સર્વ પ્રાણીઓમાં સમાનરીતે રહેલો છું. મારા માટે કોઈ દ્વેષ યોગ્ય નથી કે કોઈ પક્ષપાત યોગ્ય પણ નથી.

આપણામાં હરિત્ત્વ, ગુરુત્ત્વ અને ભક્તત્ત્વની ત્રિવેણી છે, છતાં આપણામાં સમત્ત્વભાવ નથી. અર્થાત્ આપણે આપણી જાતને ઓળખવાનો પ્રયત્ન કરતાં નથી. માંહેલામાં જોતાં નથી. બહાર ફાંફાં મારીએ છીએ. એ

બતાવે છે કે આપણે જાગરૂક નથી.

'હંસા પ્રીતિ શા કામની જે જળ સુક્યે ઊડી જાય,
સાચી પ્રિત શેવાળની જે જળ સાથે સુકાય.'

જાગરૂકતાનો આ જ અર્થ છે. જે વીતી ગયુ છે તે બિનશંકાસ્પદ છે. આવવાનું છે તે અજ્ઞાત છે. સફળતા મૂર્ખ માણસને સન્માનીય બનાવે છે. ખરાબ માણસને ઈમાનદાર બનાવે છે. જાગવા માટે આ વાતનો મર્મ સમજવો જરૂરી છે. મુશ્કેલીમાં હોઈએ ત્યારે કઈ દિશામાં જવું એની ખબર પડતી નથી. આવા સંજોગોમાં આપણા અંતરાત્માનો અવાજ સાંભળવાનો પ્રયત્ન કરો. કારણ કે આંખો દૃષ્ટિ આપે છે, હૃદય રસ્તો બતાવે છે.

ષડ્રિપુ વિષે સહુ કોઈ વાકેફ છે. માત્ર 'મોહ' શબ્દને જ સમજીએ. મોહ - મોક્ષ હણે - મોહ. આ વાત બીજા બધાને લાગુ પડે છે. આ માટે આપણે ચાર વસ્તુઓ વિષે જાગ્રતિ રાખવાની રહે. જેમ કે ૧. નસીબનો સિદ્ધાંત ૨. પ્રાયશ્ચિત્તનો સિદ્ધાંત ૩. ગુણોના સંચયનો સિદ્ધાંત ૪. વિનમ્રતાનાં લાભનો સિદ્ધાંત. આ ચારેય સિદ્ધાંત જાગૃતિના પ્રતીક કે પર્યાય સમાન છે.

એક જીવંત વ્યક્તિ તરીકે આપણી પાસે બે જગત છે. બાહ્ય જગત અને આંતરિક જગત. આ બન્ને વચ્ચે હરિફાઈ હોય છે. કારણ કે વ્યક્તિ બાહ્ય જગત તરફ વધુ આકર્ષાય છે. આને બાહ્યયાત્રા કહેવાય. વ્યક્તિ તેના આંતરિક જગતને જાણવાનો પ્રયત્ન કરે તો તે અન્તર્યાત્રા કહેવાય. બાહ્યયાત્રા સુખબોધ આપે છે જ્યારે અન્તર્યાત્રા આત્મબોધ આપે છે. બાહ્ય યાત્રા કરતા અન્તર્યાત્રાનું મહત્ત્વ વિશેષ છે. કારણ કે આત્મબોધ આપે છે તેને આપણે જાગ્રત કરવાનો છે અને તેના થકી આપણે જાગૃત થવાનું છે. આને ભીતર શબ્દ દ્વારા પણ ઉજાગર કરી શકાય. ભીતરનાં પણ બે ભાગ છે. એક સ્વપ્રશીલતા અને બીજો સત્યશીલતા. સમગ્ર જીવન સ્વપ્નવત અવસ્થામાં પુરું કરવું એ સ્વપ્રશીલતા છે. સત્યશીલતા વાસ્તવિક કે જરૂરી છે તે જાગ્રતિ લાવે છે. ઈશ્વર એક જ સત્ય છે. તેની શોધ ભીતરનાં આ ભાગમાં રહીને જ કરી શકાય. કારણ કે આત્મા સ્વરૂપે ઈશ્વર આપણી ભીતર જ છે. બહાર ફાંફાં મારવાની જરૂર નથી. બાહ્ય જગત આત્મરોગી બનાવે છે અને આંતરિક જગત આત્મબોધી બનાવે છે. આંખ, નાક, કાન, જીભ, સ્પર્શ એ પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠુ મન. આ છ જ્યારે સત્ય ચેતન સ્વરૂપ સાથે જોડાઈ જાય ત્યારે ખરી જાગ્રતિ આવે અને યમરાજ લાચાર બને. કબીરજી કહે છે, જમ ક્યા કરે, જબ સાતોં ગાંઠ નિચિંત.

તાજેતરમાં પૂજ્ય આચાર્ય મહાયજ્ઞ દ્વારા લિખિત પુસ્તક વાંચવાની તક મળી પુસ્તકનું શીર્ષક 'સમ્બોધિ' છે. આમ તો આ પુસ્તક જૈન ધર્મની ગીતા સમાન છે. શ્રીમદ્ ભગવત્ ગીતામાં પાર્થ અને પાર્થસારથી વચ્ચે જે દિવ્ય સંવાદ થાય છે તેવો જ સંવાદ મેઘકુમાર અને ભગવાન મહાવીર સ્વામીની વચ્ચે તાત્ત્વિક અને આધ્યાત્મિક સંવાદ થાય છે. મેઘકુમાર પાર્થના સ્થાને છે અને ભગવાન મહાવીર સ્વામી પાર્થ સારથીનાં સ્થાને છે, જે સંવાદ છે તે જ જૈન ધર્મની ગીતા છે.

સમ્બોધિ શબ્દને સમજવાનો અહિ ઉપક્રમ છે. આત્મમુક્તિના બધાં જ માર્ગ જે આપણને આત્માની સંપૂર્ણ સ્વાધીનતા તરફ લઈ જાય છે. તે પ્રક્રિયાને સમ્બોધિ કહે છે. બોધિના ત્રણ પ્રકાર છે. જેમ કે જ્ઞાન બોધિ, દર્શન બોધિ અને ચારિત્ર્ય બોધિ. એ જ રીતે ત્રણ પ્રકારના બુદ્ધ હોય છે. જેમ કે જ્ઞાન બુદ્ધ, દર્શન બુદ્ધ અન ચારિત્ર્ય બુદ્ધ. આ જ વસ્તુ શ્રીમદ્ ભગવત્ ગીતામાં જ્ઞાનયોગ, ભક્તિયોગ, અને કર્મયોગ તરીકે રજૂ થયા છે.

જીવન દર્શનની જ વાત કેન્દ્ર સ્થાને છે. કમનસિબી એ છે કે તત્ત્વજ્ઞાનના અધ્યયન પ્રત્યે વધારે ધ્યાન અપાય છે. જીવન દર્શન તરફ ઓછું. અનાગ્રહ સ્યાદવાદનો મૂળમંત્ર છે, પરંતુ જીવન દર્શન વિના તેનો વિકાસ થતો નથી. દૃષ્ટિમોહથી દર્શન વિકૃત થાય છે અને ચારિત્ર્ય મોહથી આચાર વિકૃત થાય છે. આ સંદર્ભમાં તત્ત્વજ્ઞાન હોય કે ન હોય તેનાથી કોઈ ફરક પડતો નથી. મેઘકુમાર સાધનાની સમરભૂમિમાં ભાંગી પડે છે. તે અર્જુનના વિષાદ યોગની સ્થિતિ જેવું જ છે. કૃષ્ણની વાણી સાંભળી અર્જુન જાગ્રત થાય છે એ જ રીતે મહાવીર વાણી સાંભળી આત્મા ચેતનથી પ્રકૃત થાય છે મેઘનો...

સમ્બોધિ અંતર્યાત્રાનું પથ પ્રદર્શક સમ છે. અસ્તિ, નાસ્તિ, અમરત્વ, મૃત્યુ, જ્ઞાન-અજ્ઞાન, સ્થિતિ-ગતિ, ક્રિયા-અક્રિયા, ધ્રુવ-પરિણામી જેવા દ્વંદ્વોમાં ફસાઈ ન જવાય એવી જાગ્રતિ એટલે સમ્બોધિ. સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર્યનો દિશા બોધ એટલે સમ્બોધિ. જે અપ્રતિબદ્ધ છે અને તે જ અનન્ત છે. સત્યના દર્શન માટેની જાગ્રતિ એટલે સમ્બોધિ. આથી સમ્બોધિ પ્રસન્નતાની દ્યોતક છે. જાગ્રતિ એટલે આત્મદર્શન. આત્મદર્શન શબ્દની અર્થછાયા એકથી વધારે છે. આપણે એક વ્યક્તિ તરીકે કેવા છીએ એ જાણવું એટલે આત્મદર્શન. બીજો અર્થ એ થઈ શકે છે આપણામાં રહેલા આત્માનું દર્શન આત્મા દ્વારા પરમાત્માના જ દર્શન એમ કહીએ તો ખોટુ નથી તે જ એક માત્ર સત્ય છે.

ગુરુકુલ પરિવારના સેવક સંત શ્રી ગોવિંદપ્રસાદદાસજી સ્વામીનો અક્ષરવાસ

ગુરુકુલની સંતપરંપરા ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ પ્રબોધેલા ઉપાસનાના સિદ્ધાંતોને અનુસરીને વિવિધ સેવાકાર્યો કરે છે. આ પરંપરામાં ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત સાધુઓ શ્રીજીમહારાજે આપેલા સદ્‌ગુણોથી પોતાનું જીવન શોભાવે છે, શ્રદ્ધા અને શક્તિ પ્રમાણે સત્સંગ-સમાજની સેવાઓ કરે છે અને આયુષ્યના અંતે ફરી શ્રીહરિની સાક્ષાત્ સેવામાં જોડાઈ જાય છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે ગુરુકુલરૂપી સેવાકાર્યના વિશાળ ફલક દ્વારા સંપ્રદાયને એક નવો જ રાજમાર્ગ ચિંધ્યો. ગુરુદેવની આ ગુરુકુલ પરંપરામાં અનેક મુમુક્ષુઓએ પોતાના જીવન સમર્પિત કર્યા અને પોતાના દેહને યજ્ઞના સમીધની જેમ સેવાકાર્યોમાં હોમી દીધા.

ગુરુકુલ પરિવારના એવા જ એક સેવક સંત શ્રી ગોવિંદપ્રસાદદાસજી સ્વામીએ તારીખ ૪ ઓક્ટોબરના રોજ દિવ્ય અનુભૂતિઓ સાથે શરીર છોડીને અક્ષરધામની વાટ લીધી. પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય હરિસ્વરૂપ સ્વામી તેમજ ગુરુકુલ પરિવારના તમામ સંતોની ઉપસ્થિતિમાં, તમામ સંતોના હસ્તે ગંગાજળ સ્વીકારી ધૂન-ભજન સાથેના દિવ્ય વાતાવરણમાં ગુરુકુલના પ્રાંગણમાં જ એમણે પોતાનું શરીર છોડ્યું.

ધારેશ્વર ગામના વતની તથા માવજીભાઈ સોજિત્રાના પરિવારમાં જન્મેલા ગોરધનભગતે ગુરુકુલની સાધનાભૂમિમાં પોતાનું જીવન અર્પણ કર્યું અને નામ ધારણ કર્યું સાધુ ગોવિંદપ્રસાદદાસ.

પૂજ્ય ગોવિંદસ્વામી એટલે સાક્ષાત્ સેવાની મૂર્તિ. એમણે રાત્રિ-દિવસ દેહની પરવાહ કર્યા વિના અઘરી સેવાઓ સરળતાથી પાર પાડી છે. પૂજ્ય નારાયણ ભગતની નિષ્ઠાથી સેવા કરી ખૂબ રાજીપો મેળવ્યો હતો. ગુરુકુલમાં ઉજવાતા મોટા મોટા ઉત્સવોમાં ખૂબ જ પરિશ્રમ માગી લે તેવી સેવાઓ એ કરતા. ઉજવાતા ઉત્સવોના પાંચ-સાત દિવસ તો એ સૂતા પણ નહીં. જ્ઞાનસત્ર, હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, રથયાત્રા, દિપાવલિ જેવા ઉત્સવોમાં ઠાકોરજીની વિવિધ સેવાભક્તિ ખૂબ જ ભાવથી કરતા અને શણગાર સજાવતા.

ગુરુકુલ દ્વારા થતી બાંધકામની સેવામાં એમની સેવા અજોડ રહેતી. અમદાવાદ ગુરુકુલ, દ્રોણેશ્વર ગુરુકુલ, છારોડી ગુરુકુલમાં ચાલતા બાંધકામમાં તેઓ ખૂબ મહેનત કરતા. ઋષિકેશમાં નિર્માણ પામેલ 'વચનામૃત કુટીર'ના નિર્માણ સમયે ત્યાં ચાર મહિના રોકાયા હતા અને સુંદર કુટીરનું નિર્માણ કર્યું હતું.

એમનું જીવન સદાયને માટે તપસ્વી હતું. તેઓ એક ટાઈમ જ જમતા. ચાતુર્માસ, ધનુર્માસ જેવા પર્વોમાં વિવિધ વ્રતો કરી મહારાજને રાજી કરવાનો પ્રયત્ન કરતા. એમણે અમદાવાદથી છપૈયા સુધીની પદયાત્રા કરી હતી. સાથે સાથે વડતાલ, ગઢપુર, ધોલેરા વગેરે દેવોના દર્શન કરવા ઘણીવાર પદયાત્રા કરી જતા.

ગોવિંદસ્વામીની ગુરુનિષ્ઠા, ભજન-ભક્તિ અને ઉપાસના અજોડ હતા. પોતે ઝાઝું ભણ્યા નહોતા, પરંતુ એમની સમજણ અને નિષ્ઠામાં કોઈ ખામી નહોતી. પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ અંતિમ વિધિ સમયે ગદ્‌ગદ્‌ભાવે જણાવ્યું હતું કે, 'ગુરુકુલના ઈતિહાસમાં આટલી સેવા કોઈ સાધુ દ્વારા થઈ નથી. જે સેવા પચાસ વર્ષમાં થાય એટલી સેવા ગોવિંદસ્વામીએ પંદર વર્ષમા કરી લીધી.' પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, 'ગોવિંદસ્વામી ગુરુકુલના હનુમાન હતા. એમણે ક્યારેય રજુ થયેલો સંકલ્પ હેઠો પડવા દીધો નથી. એમણે અઘરામાં અઘરું સેવાકાર્ય સરળતાથી પાર પાડ્યું છે.'

આવા સદ્‌ગુણોથી યુક્ત સંત શ્રી ગોવિંદપ્રસાદદાસજી સ્વામીને મહારાજ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે એવી પ્રાર્થના સાથે અખંડ ધૂન, મંત્રલેખન વગેરે ભજન-સ્મરણના આયોજનો કરવામાં આવ્યા હતા. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ તથા દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે શ્રદ્ધાંજલી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીહરિ સ્થાપિત દરેક મંદિરોમાં દેવોના થાળ-રસોઈ અર્પણ કરી વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી.

પૂજ્ય ગોવિંદપ્રસાદદાસજી સ્વામીના ચરણોમાં શ્રદ્ધાસુમન

ગયા ગોવિંદ સ્વામી એનું, દુઃખ દિલમાં છે ઘણું;
થાય ઘાયું ધર્મસુતનું, એમાં ન ચાલે આપણું;
સહજાનંદી બાગનું, એક ફૂલડું ખરી ગયું;
ખરી ગયું પણ તરી ગયું, અમ હૃથથી એ સરી ગયું.

સેવાભાવી એ સંત સમજણા, સેવા કરી એ ખુશ થતા;
ઉત્સાહથી કરે સેવા, સેવાથી એ ન થાકતા;
વય નાની પણ વૈરાગ્ય વાળા, સાધુતાથી શોભતા;
ખરી ખોટ ગુરુકુલને, આજ ગોવિંદ સ્વામી જતા.

મીત્તભાષી એ સંત માયાળું, સેવાથી હરિ રિઝવતા;
મોટા સંતોના કૃપાપાત્ર, આજ્ઞા શીરે ધારતા;
જબર જશનો લઇ પોટલો, અક્ષરધામે સીધાવ્યા;
ગુણગ્રાહી એ સંત ગુણીયલ, ગુરુ રૂદીયે સ્થાન જમાવ્યા.

નારાયણ ભગતની સેવા કરી, હૈયે ખૂબ એ હરખતા;
કેવું ન પડે કંઇ ભગતને, ભગતનું મન એ પરખતા;
ગોવિંદ સ્વામી ગુરુકુલનો, સિતારો હતો ચમકતો;
મહેંકતો એ ગુલાબ છોડ, સંત મંડળમાં શોભતો.

ખુબ જ વ્હાલા વિદ્યાર્થીઓ, એહ પર વહાલા વરસાવતા;
મનનું ધાર્યું મેલી દઇ, સંતો કહે એ સેવા બજાવતા;
નાના હતા પણ સોળ આના, ભાવે હસ્તા ભગતી;
નાનુ ભરાડ લખે શ્રદ્ધાંજલી, લખતા કલમ ધ્રુજતી.

- નાનુભાઇ ભરાડ

સમાચાર દર્શન

દિપાવલી મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે પાંચ દિવસનો દિપાવલી મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો હતો. પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોના સાનિધ્યમાં ઉજવાયેલ આ મહોત્સવમાં રોજ સવાર-સાંજ કીર્તનભક્તિ તથા કથાવાર્તાનો લાભ મળતો હતો.

દિવાળીના શુભ દિવસે વહેલી સવારે લક્ષ્મી પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો જોડાયા હતા. લક્ષ્મી પૂજન પૂર્ણ થયા બાદ શ્રી ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં ૧૦૮ ઉપરાંત વાનગીઓ તથા વિવિધ ફળોથી યુક્ત ભવ્ય અન્નકૂટ સજાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, અન્નકૂટ મહોત્સવ કૃતજ્ઞતાનું પર્વ છે. ભગવાન આપણને જે આપે છે, એમાંથી થોડું ભગવાનને અર્પણ કરી આપણે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. ભગવાન શ્રીકૃષ્ણની ગોવર્ધન લીલાનો પણ આ જ ઉદ્દેશ છે.

આ ઉપરાંત આજ રોજ રાત્રે દિપાવલી મહોત્સવ ઉજવ્યો હતો. જેમાં વિશાળ દીપમાળાની મધ્યમાં બિરાજમાન ભગવાન શ્રીહરિની શોભા રમણીય હતી. જાણે દાદા ખાચરના દરબારમાં ગોઠવાયેલ દીપમાળા મધ્યે ભગવાન શ્રી સ્વામિનારાયણ બિરાજમાન હોય, સંતો કીર્તનગાન કરતા હોય અને ભક્તો આનંદથી નાચતા હોય એવું દૃશ્ય ખડું થયું હતું. આજ રોજ ગુરુકુલ પરિવારના યુવાનોએ એકઠા થઈ નાના નાના માણસો કે જેમના માટે મિઠાઈની ખરીદી અશક્ય હોય, એમના ઘરે ઘરે જઈ ભગવાનના પ્રસાદરૂપ મિઠાઈ પહોંચાડી હતી અને ખરો દિવાળીનો ઉત્સવ ઉજવ્યો હતો.

સ્પિરિચ્યુઅલ હિલિંગ સેન્ટર ઉદ્‌ઘાટન

શ્રી જોગી સ્વામી હોલિસ્ટિક હોસ્પિટલ અંતર્ગત યોગ વિભાગ દ્વારા તારીખ ૧૫ ઓક્ટોબરના રોજ પૂજ્ય સ્વામીજી, સંતો તથા યજમાનોની હાજરીમાં ભવ્ય અને દિવ્ય સ્પિરિચ્યુઅલ હિલિંગ તથા યોગ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ આ સેન્ટરને અ.મૂ. પૂજ્ય નારાયણમામાને સમર્પિત કર્યું હતું. સેન્ટરના મુખ્ય યજમાન અમેરિકા નિવાસી અને અ.મૂ. પૂજ્ય નારાયણમામાના કૃપાપાત્ર શ્રી વિનોદભાઈ (યુનુસભાઈ) શેખે ઉપસ્થિત રહી સ્પિરિચ્યુઅલ હિલીંગનો ઉદ્દેશ અને ફાયદા જણાવ્યા હતા. આ સ્પિરિચ્યુઅલ હિલિંગ સેન્ટરમાં અવારનવાર ડૉ. વિનોદભાઈએ ખૂબ જ સંશોધન કરીને તૈયાર કરેલ અધ્યાત્મમાર્ગને ઉન્નત કરતી હિલીંગ થેરાપીના કેમ્પ થતા રહેશે અને નિયમિત યોગના નિષ્ણાંતો દ્વારા અનેક રોગોના મૂળને નાશ કરનાર યોગના ક્લાસીસ ચાલું રહેશે.

પૂજ્ય રમેશભાઇ ઓઝાની પધરામણી

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP)ના પ્રાંગણમાં તૈયાર થયેલ યોગ, આયુર્વેદ અને એલોપથીના પવિત્ર સમન્વય સ્વરૂપ શ્રી જોગીસ્વામી હોલિસ્ટિક હોસ્પિટલનું ટૂંક સમયમાં જ ઉદ્‌ઘાટન થવા જઈ રહ્યું છે, ત્યારે તારીખ ૪, નવેમ્બર દેવદિવાળીના શુભ દિવસે સુપ્રસિદ્ધ ભાગવતાચાર્ય શ્રી રમેશભાઈ ઓઝા (પૂજ્ય

ભાઈશ્રી)એ આ હોલિસ્ટિક હોસ્પિટલમાં પધરામણી કરી શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે આયોજિત સત્સંગ સભામાં સ્વામીજીએ જણાવ્યું હતું કે, 'આજના પવિત્ર દિવસે હોલિસ્ટિક હોસ્પિટલમાં પૂજ્ય ભાઈશ્રીની પધરામણી થવાથી અમારા હૃદયમાં આનંદ થાય છે. પૂજ્ય ભાઈશ્રીએ આપેલા આશીર્વાદથી અહીં આવનાર હરકોઈ દર્દીનારાયણને હૂંફ મળશે અને કાર્યકર્તાઓને જોમ મળશે.'

અત્યાધૂનિક અને યોગ-આયુર્વેદ-એલોપથીના સમન્વય સ્વરૂપ હોલિસ્ટિક હોસ્પીટલની મુલાકાત લઈ પ્રસન્નતા વ્યક્ત કરતા પૂજ્ય ભાઈશ્રીએ જણાવ્યું હતું કે, 'વૃક્ષમાંથી નવી નવી શાખાઓ ફૂટતી રહે એ જ રીતે આ **SGVP** કેમ્પસમાં નવા નવા સેવાના સોપાનો ચાલું થતા રહે છે. અહીં વિદ્યા મંદિર છે, ભોજન મંદિર છે, ગૌમંદિર છે અને હવે આરોગ્યમંદિર ખુલ્લુ મૂકાશે. વાલ્મિકિજીના આશ્રમમાં સિંહ અને હરણ સાથે રમતા એ જ રીતે પૂજ્ય માધવપ્રિયસ્વામીએ અનેક પ્રકારની સેવાઓની સાથે અહીં આયુર્વેદ અને એલોપથીનો સમન્વય કરીને આશ્રમ જેવું વાતાવરણ ઊભુ કર્યું છે. અહીં આવનાર દર્દીઓને દવાની સાથે સાથે સંતોના આશીર્વાદ-હૂંફ અને ભગવાનની કૃપા મળતી રહેશે, જેથી દવાની અસર બે-ત્રણ ગણી વધી જશે. પૂજ્ય માધવપ્રિયસ્વામી તથા સંતોના પરિશ્રમ અને હરિભક્તોના યોગદાનથી તૈયાર થયેલ આ આરોગ્યમંદિરમાં સૌના નિરામય માટે સાધના અને આરાધના થશે. આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ યુક્ત અને યોગ-આયુર્વેદ અને એલોપથી એમ ત્રણે વિદ્યાઓને સાથે લઈ આગળ વધવાનો આ પ્રયાસ ખૂબ આવકાર્ય છે. પ્રભુને આ પ્રકલ્પની સર્વાંગીણ સફળતા માટે પ્રાર્થના અને સંતોના આ સંકલ્પ અને પરિશ્રમને પ્રણામ.'

આ પ્રસંગે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીએ ભાઈશ્રીનું શાલ તથા હાર પહેરાવી ભાવપૂજન કર્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં દેશ-વિદેશના ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

હાટડી ઉત્સવ

તારીખ ૩૧ ઓક્ટોબર, પ્રબોધીની એકાદશીના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે શ્રી ઘનશ્યામ મહારાજના સાન્નિધ્યમાં શાકભાજીની હાટડીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુકુલ દ્વારા કાર્યરત મહિલામંડળના બહેનોએ ભાવથી એક હજાર કીલો ઉપરાંત વિવિધ શાકભાજી ભગવાનને ધરાવી હતી. ભગવાન સ્વયં શાકભાજી વેચવા બેઠા હોય એવું ભાવવાહી દૃશ્ય સર્જાયું હતું. આ પ્રસંગે શ્રી ઘનશ્યામ મહારાજની આરતી કરી પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, ભગવાન ભાવના ભૂખ્યા છે. ભક્તો વિવિધ સામગ્રીઓ અર્પણ કરી પોતાના હૃદયની ભાવનાઓ ભગવાનને અર્પણ કરે છે ત્યારે ભગવાન એ ભાવને સ્વીકારતા હોય છે.

જનમંગલ તથા યજ્ઞ અનુષ્ઠાન

ગુરુકુલની ભૂમિ સાધનાભૂમિ છે. અહીં સતત સાધનામય અનુષ્ઠાનો થતા રહે છે. એમાં પણ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી દર વર્ષે કાર્તિક માસમાં ભગવત પ્રસન્નતાર્થે અનુષ્ઠાન કરે છે અને સંતો-ભક્તોને સાથે જોડે છે. ત્યારે કાર્તિક વદી પડવાથી અમાસ સુધી રોજ પૂજ્ય પુરાણી સ્વામી એકસો આઠ જનમંગલના પાઠ દ્વારા ભગવાનને તુલસીદલથી પૂજન કરતા. જેની પૂર્ણાહુતિ પ્રસંગે તારીખ ૧૬ થી ૧૮ નવેમ્બર દરમિયાન ત્રીદિવસીય હોમાત્મક યજ્ઞ-અનુષ્ઠાનનું આયોજન **SGVP** ખાતે આંબળાના વનમાં કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોની ઉપસ્થિતિમાં યજ્ઞપરાયણ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી ભક્તિપ્રકાશદાસજી સ્વામીના માર્ગદર્શન નીચે આ યજ્ઞ-અનુષ્ઠાનમાં સંતો, ઋષિકુમારો તથા ભક્તજનો જોડાયા હતા.

સત્સંગયાત્રા - કેનાડા

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તારીખ ૭ થી ૨૦ નવેમ્બર દરમિયાન સંતમંડળ સાથે કેનેડાની યાત્રાએ પધાર્યા હતા. છે. સ્વામીજી કેનેડા પધારતા શ્રી રવિભાઈ ત્રિવેદી, રમેશભાઈ પટેલ, કમલેશભાઈ શાહ, અનિલભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ, અરૂણભાઈ શેલડિયા, ધર્મેશભાઈ પટેલ, ચિંતનભાઈ દવે, વિરલ પટેલ, પાર્થ પટેલ, ભદ્રેશભાઈ રાદડીયા, પાર્થ વોરા વગેરે ભક્તજનોએ એરપોર્ટ ઉપર સ્વામીશ્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. સ્વામીજીની કેનેડાની યાત્રા દરમિયાન વિવિધ શહેરામો પધરામણી, ઠાકોરજીના થાળ તથા સત્સંગસભાના આયોજનો કરવામાં આવ્યા છે. જેમાં મોટી સંખ્યામાં ભક્તજનોએ લાભ લીધો હતો.

ઉપરાંત કેનેડામાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ ધામ ખાતે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં સ્વામીજીએ મહારાજના અપાર મહિમાની વાતો કરી ભક્તજનોને ભક્તિના રંગે રંગ્યા હતા. ઉપસ્થિત ભક્તજનોએ કથાનો આસ્વાદ માણી ધન્યતાની લાગણી અનુભવી હતી.

સનાતન લાઇફ સ્ટાઇલ સેમિનાર :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ SGVP દ્વારા સંચાલિત શ્રી ધર્મજીવન મિશન ટ્રસ્ટ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર, સવાનાહ (જ્યોર્જિયા) અમેરિકા ખાતે પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં ૧૫ થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન સનાતન લાઇફ સ્ટાઇલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં રોજ નવા નવા ઉત્સવોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હિંડોળા ઉત્સવ, અન્નકૂટોત્સવ તથા રાસોત્સવ જેવા આયોજનો કરવામાં આવ્યા હતા. સાથે સાથે યોજાતી સત્સંગ સભામાં પૂજ્ય સ્વામીજીએ પોતાની વિદ્વત્તા ભરી શૈલીમાં ધર્મના મર્મને સમજાવી ભક્તિના મહિમાનું વર્ણન કર્યું હતું. વિશેષમાં જણાવ્યું હતું કે, સહુ ભક્તોએ ત્રણ દિવસ સુધી સત્સંગ-ઉત્સવનો લાભ લીધો એ ખૂબ મહત્વની વાત છે. આજના સમયમાં જીવનને ઉર્ધ્વગામી કરવાનો પ્રયત્ન થાય એ જ મહત્વનું છે. ભગવાન આપ સહુ ભક્તો તથા યજમાનોને સર્વ રીતે ખૂબ સુખી રાખે તેવી પ્રાર્થના કરીએ છીએ.

સનાતન લાઇફ સ્ટાઇલ સેમિનારનું તમામ સંચાલન પૂજ્ય ધર્મપ્રિયદાસજી સ્વામી તથા પૂજ્ય વેદાંતસ્વરૂપદાસજી સ્વામીએ સંભાળ્યું હતું. સેમિનારમાં આવતા ભક્તોને જમાડવાની તમામ જવાબદારી બહેનોભક્તોએ ઉપાડી લીધી હતા. આ સેમિનારમાં ખૂબ મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

નવરાત્રિ મહોત્સવ :- નવરાત્રિ મહોત્સવ દરમિયાન દરરોજ ભવ્ય રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને મન મૂકીને રાસ-ગરબા લીધા હતા. આ પ્રસંગે મા અંબાની દિવ્ય આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત ભાઈ-બહેનોએ મા અંબાની આરતી કરી ધન્યતા અનુભવી હતી.

વિશેષમાં દશેરાના પર્વે રાવણ દહનનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વયંસેવકો દ્વારા ગુરુકુલના પ્રાંગણમાં વિશાળ રાવણના પૂતળાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય વેદાંતસ્વરૂપદાસજી સ્વામીએ ભગવાન શ્રી રામનો વિજયોત્સવ અને રાવણના વિનાશની પ્રેરણાત્મક કથા કહી હતી. ઉપરાંત બહારના શત્રુઓની સાથે સાથે અંદર રહેલા શત્રુઓનો પણ નાશ થાય તે માટે ભગવાનને પ્રાર્થના સ્વરૂપે સમૂહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં બહેનો-ભાઈઓ જોડાયા હતા. મહા આરતીના સમાપન પછી પ્રાંગણમાં વિશાળ કદના રાવણના પૂતળાનું દહન કર્યું ત્યારે ભગવાન શ્રી રામના જય જયકાર સાથે પરિસર ગૂંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ભક્તજનો તેમ જ યજમાનોને પૂજ્ય ધર્મપ્રિયદાસજી સ્વામી તથા વેદાંતસ્વરૂપદાસજી સ્વામીએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

દિપાવલી મહોત્સવ :- દિપાવલીના પાવન પ્રસંગે પૂજ્ય ધર્મપ્રિયદાસજી સ્વામી તથા પૂજ્ય શાસ્ત્રી શ્રી વેદાંતસ્વરૂપદાસજી સ્વામીનું માર્ગદર્શન તેમજ સ્વયંસેવકોની રાત્રિદિવસની સેવાઓના શણગારથી સનાતન મંદિર ખાતે એક હજારથી વધારે વાનગીઓથી યુક્ત ભવ્ય અન્નકૂટ સજાવ્યો હતો. વિવિધ પ્રકારના મિષ્ટાન, ફરસાણ, ફળો, ફળોના જ્યુસ વગેરે સામગ્રીઓથી શોભતો અન્નકૂટ ભારે ભક્તિભાવ સાથે ભગવાનને અર્પણ કરવામાં આવ્યો હતો.

સવારથી માંડી સાંજ સુધી અનેક લોકોએ અન્નકૂટના દર્શન કર્યા હતા અને સાંજે યોજાયેલ મહાઆરતીમાં બારસો ઉપરાંત ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને આરતીનો લાભ લીધો હતો. મહાઆરતી બાદ મંદિરના વિશાળ પ્રાંગણમાં આનંદ-ઉલ્લાસ સાથે ફટાકડાઓ ફોડ્યા હતા. દિપાવલી મહોત્સવની સાથે બાળકોને આનંદ ઉપજાવે એવા ફન ફેરનું આયોજન થયું હતું, તથા નાના-નાના દીકરા-દીકરીઓએ દેશભક્તિના નૃત્યો રજુ કર્યા હતા.

તુલસીવિવાહ :- તારીખ ૩-૪ નવેમ્બર દરમિયાન પૂજ્ય શ્રી ધર્મપ્રિયદાસજી સ્વામી તથા પૂજ્ય શાસ્ત્રી શ્રી વેદાંતસ્વરૂપદાસજી સ્વામીના આયોજન તેમજ કાર્યકર્તાઓની અથાક સેવાઓને લીધે બે દિવસનો ભવ્ય તુલસી વિવાહ મહોત્સવ ઉજવાયો. તારીખ ૩ શુક્રવારના રોજ ગણેશ સ્થાપન તથા સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુમધુર સંગીત સાથે ભગવાનના વિવાહના કીર્તનોનું ગાન થયું હતું. તેમજ નાના નાના દીકરા-દીકરીઓ તથા યુવતીઓએ વિવિધ પ્રકારના નૃત્યો રજુ કરી પોતાનો ભક્તિભાવ પ્રગટ કર્યો હતો.

તારીખ ૪, પૂર્ણિમાના રોજ ભારે ધામધૂમથી ભગવાન શ્રીકૃષ્ણના વરઘોડાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રકારના વાદ્યોના તાલ સાથે નાચતા-કૂદતા ભાઈઓ-બહેનો જાન લઈ ગુરુકુલના પ્રાગણમાં આવ્યા ત્યારે કન્યાપક્ષના યજમાનોએ ભગવાનના પોંખણા કરી સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ આનંદ-ઉલ્લાસ અને ભક્તિભાવ સાથે ભગવાનના તુલસીદેવી સાથે વિવાહ થયા હતા. આ પ્રસંગે પૂજ્ય વેદાંતસ્વરૂપદાસજી સ્વામીએ વૃંદાવિવાહની કથા સાથે સુખી ગૃહસ્થાશ્રમ જીવનના રહસ્યો સમજાવ્યા હતા તથા મહોત્સવના યજમાનોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આજના ઉત્સવમાં આઠસોથી વધારે ભાઈઓ-બહેનોએ ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો.

સમસ્ત ભારતીયોનું ગૌરવ

અમેરિકાની સુપ્રસિદ્ધ **FNCB** બેન્ક કોર્પોરેશન દ્વારા કોર્પોરેશનના ડાયરેક્ટર તરીકે ડૉ. શ્રી વિજયભાઈ ધડુકની વરણી કરવામાં આવી છે. ડૉ. ધડુક અમેરિકાના સુપ્રસિદ્ધ ન્યુરોલોજીસ્ટ છે અને અનેક ઉદ્યોગ-ધંધા સાથે સંકળાયેલા છે. ઉપરાંત **SGVP** ગુરુકુલના વિકાસમાં એમનું મહત્વપૂર્ણ યોગદાન છે.

બેન્કીંગ ક્ષેત્રમાં સુપ્રસિદ્ધ **FNCB** જેવા કોર્પોરેટ ક્ષેત્રમાં એમની વરણી થવી એ સમસ્ત ભારતીયો માટે, વિશેષ કરીને ગુજરાતીઓ માટે ગૌરવરૂપ છે. આ પ્રસંગે સમસ્ત **SGVP** ગુરુકુલ પરિવાર વતી પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ ડૉ. ધડુકને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

ગુરુકુલમાં રસોઇ

અમદાવાદ ગુરુકુલ

- પ.ભ. શ્રી હિતેશભાઈ બાબુભાઈ કોરાટ, અમદાવાદ
- અ.નિ. શ્રી અભેસિંહજી પરમાર,
  હ. વજરાજસિંહ હેમલભાઈ પરમાર, અમદાવાદ
- અ.નિ. શ્રી ફુલચંદભાઈ કેશવભાઈ પાધરા
  હ. જીગ્નેશ, જીનલ, વિજય - અમદાવાદ
- અ.નિ. શ્રી પરશોત્તમભાઈ રણછોડભાઈ ઘાડીયા
  હ. ગોવિંદભાઈ, ચિ. ભૌદિપ, ચિરાગ - જામવાળા
- પ.ભ. શ્રી જયેશભાઈ ડાયાભાઈ ગજેરા, અમદાવાદ
- અ.નિ. શ્રી રમેશભાઈ ભીમજીભાઈ જસાણી
  હ. ચિ. કુંજ, તેમજ કનુભાઈ, વજુભાઈ - ફાટસર
- પ.ભ. શ્રી ડૉ. ચિરાગ બી. પટેલ, દેહગામ

છારોડી ગુરુકુલ

- પ.ભ. શ્રી કમલેશભાઈ સાવલિયા, અમદાવાદ
- પ.ભ. શ્રી વૈભવ રણછોડભાઈ પટેલ, અમદાવાદ
- અ.નિ. શ્રી રુષભકુમાર જયંતિભાઈ ખુંટ, રાજકોટ
- પ.ભ. શ્રી રાજેશભાઈ રમેશચંદ્ર ધ્રુવ, આણંદ
- પ.ભ. શ્રી કનુભાઈ રામભાઈ પટેલ, જુંડાલ
- પ.ભ. શ્રી ખુશાલભાઈ મગનભાઈ પટેલ, અમદાવાદ
- પ.ભ. શ્રી જયંતિલાલ ઓધવજીભાઈ પટેલ, અમદાવાદ
- પ.ભ. શ્રી જય કમલેશભાઈ પટેલ, પુંસરી
- પ.ભ. શ્રી નીરજ રાજેશભાઈ જોષી, અમદાવાદ
- પ.ભ. શ્રી માવજીભાઈ ખેતાભાઈ પટેલ, અમદાવાદ
- પ.ભ. શ્રી અર્જુનકુમાર શામલ (પ્રધાનાચાર્યશ્રી દર્શનમ્)

શ્રદ્ધાસુમન

અ.નિ. પ.ભ. શ્રી સંદિપભાઇ જેરામભાઇ દુધાત્રા :- ગુરુકુલના ગૌરવવંતા વિદ્યાર્થી, સદ્‌ગુરુ સંતોના અત્યંત કૃપાપાત્ર વડોદરા નિવાસી શ્રી જેરામભાઈ દુધાત્રાના સુપુત્ર સંદિપભાઈ ૧૪ ઓક્ટોબરના રોજ ૩૯ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. પોતાના એકના એક પુત્રની વિદાય થઈ છતાં ગુરુકુલના સન્નિષ્ઠ સેવક જેરામભાઈએ પોતાની પર્વતપ્રાય સમજણે કરીને પૂરાએ પરિવારને સાચવી લીધો. ભગવાનની ઇચ્છામાં પોતાની ઇચ્છા ભેળવી આ પરિવાર શ્રેષ્ઠ સત્સંગીની ફરજ ચૂક્યો નહીં. ભગવાન શ્રીહરિ સંદિપભાઈના પવિત્ર આત્માને પોતાનું અખંડ સુખ અર્પે તથા તેમના સુપુત્રો નીલ અને નીકને સર્વ રીતે સુખી કરે, જેરામભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી ગુણવંતભાઇ સોઢા :- પ્રિટોરીયા - સાઉથ આફ્રિકા નિવાસી ભક્તરાજ ગુણવંતભાઈ સોઢા ૧૦ ઓક્ટોબરના રોજ હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. પૂજ્ય જોગી સ્વામી વગેરે સંતોના અત્યંત કૃપાપાત્ર ગુણવંતભાઈ અવારનવાર સંતોને આફ્રિકા તેડાવતા અને કથાવાર્તાનો લાભ લેતા. ગુરુકુલના વિકાસકાર્યોમાં એમનું યોગદાન મોખરાનું હતું. ભગવાન શ્રીહરિ ગુણવંતભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા તેમના સુપુત્ર આશીથભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી દિનેશભાઇ શિવલાલભાઇ આણદાણી :- ગામ ઇંટવાયા હાલ સુરત નિવાસી પ.ભ. શ્રી દિનેશભાઈ ૧૬ સપ્ટેમ્બરના રોજ ૫૯ વર્ષની ઉંમરે શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. એમની સ્મૃતિમાં યોજાયેલ સત્સંગસભામાં પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ પધારી પ્રાર્થના કરી હતી. ભગવાન શ્રીહરિ તથા સદ્‌ગુરુ સંતોમાં અપાર હેતવાળા દિનેશભાઈના પવિત્ર આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્ર શરદભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી છગનભાઇ પટેલ :- ગામ ભાદમ નિવાસી પ.ભ. શ્રી છગનભાઈ પટેલ ૨૦ જુલાઈના રોજ ૯૨ વર્ષની ઉંમરે શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિમાં હેતવાળા તથા ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા છગનભાઈને શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા ડલાસ નિવાસી ઘનશ્યામભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી પ્રવિણભાઇ કેશુભાઇ પટેલ :- ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલના સુપુત્ર અમેરિકા નિવાસી પ.ભ. શ્રી પ્રવિણભાઈ અક્ષરવાસી થયા છે. આદરણીય શ્રી કેશુભાઈએ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો ખૂબ રાજીપો મેળવ્યો છે. ગુરુકુલમાં એમનું સમર્પણ અવર્ણનીય છે. ભગવાન શ્રીહરિ પ્રવિણભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા કેશુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી પરસોત્તમદાસ ઘારશીભાઇ ઠક્કર :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી પરશોત્તમદાસ ઠક્કર શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. અ.મૂ.અબજીબાપા, નારાયણમામાં વગેરે મુક્તોના કૃપાપાત્ર હતા. અમદાવાદ ગુરુકુલ ખાતે યોજાયેલ શ્રદ્ધાંજલી સભામાં ખૂબ જ મોટી સંખ્યામાં સંતો-ભક્તો પધાર્યા હતા. મહામુક્ત શ્રી પરસોત્તમદાસના પવિત્ર આત્માને શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા જગદીશભાઈ, અરવિંદભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી કુંવરજીભાઇ દેવજીભાઇ વાગજીયાણી :- મેઘપર નિવાસી પ.ભ. શ્રી કુંવરજીભાઈ ૧૬ ઓક્ટોબરના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. સત્સંગ તથા સંતોની સેવા કરી કુંવરજીભાઈએ શ્રીહરિનો ખૂબ રાજીપો મેળવ્યો હતો. ભગવાન શ્રીહરિ એમના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા મનજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી ભરતભાઇ ભગવાનજીભાઇ પીપળિયા :- રાજકોટ નિવાસી પ.ભ. શ્રી ભગવાનજીભાઈના સુપુત્ર ભરતભાઈ ૨૫ ઓક્ટોબરના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભરતભાઈ નીની ઉંમરે અક્ષરવાસ થવાથી પરિવારને ખૂબ મોટી ખોટ પડી છે. સત્સંગ તથા સંતોની સેવા કરવામાં બળીયા આ પરિવારને ભગવાન શ્રીહરિ ધીરજ અર્પે તથા ભરતભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી ગુલાબભાઇ કાનજીભાઇ ભંડેરી :- ગામ તરવડા નિવાસી પ.ભ. શ્રી ગુલાબભાઈ ૨૫ ઓક્ટોબરના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સંતોના કૃપાપાત્ર આ પરિવારની સેવા અજોડ છે. ભગવાન શ્રીહરિ ગુલાબભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા ફાલ્ગુન, શીવલાલભાઈ, કાનજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી શાંતાબેન મણીલાલ પટેલ:- ગામ દવોલ હાલ અમેરિકા નિવાસી શાંતાબેન પટેલ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. સવાનાહ ગુરુકુલ ખાતે આ પરિવારની સેવા અજોડ છે. ભગવાન શ્રીહરિ શાંતાબેનના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુમનભાઈ, કેતનભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રામબાઇ લાલજી ગામી:- ગામ કેરા હાલ લંડન નિવાસી અને ગુરુકુલના સન્નિષ્ઠ સેવક રાજેશભાઈના માતુશ્રી રામબાઈ તારીખ ૩૦ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સંતોનો અતિ કૃપાપાત્ર પવરિવાર છે. ભગવાન શ્રીહરિ રામબાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા રાજેશભાઈ, હરીશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કેસરબેન મનજી હીરાણી :- ગામ કેરા નિવાસી કેસરબેન ૮૪ વર્ષની ઉંમરે તારીખ ૨૨ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ઉપર ભગવાન શ્રીહરિ તથા સંતોનો ખૂબ રાજીપો ઉતર્યો છે. મહારાજ કેસરબેનના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા મનજીભાઈ, બોલ્ટન નિવાસી સુપુત્ર મૂરજીભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી પ્રેમબાઇ કાનજી માવજી કેરાઇ :- ગામ બળદિયા હાલ નાઇરોબી નિવાસી પ્રેમબાઈ તારીખ ૪ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલ અને સંતો સાથે ખૂબ જ હેતથી જોડાયેલો છે. મહારાજ પ્રેમબાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા પતિ કાનજીભાઈ, સુપુત્રો પ્રેમજીભાઈ, દેવજીભાઈ, ગોપાલભાઈ, લાલજીભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ. નિ. શ્રી નર્મદાબેન વિષ્ણુપ્રસાદ દવે :- ગામ કાનાવડાળા હાલ રાજકોટ નિવાસી તથા ગુરુકુલના ઋત્વિજ કિશોરભાઈ દવેના માતુશ્રી નર્મદાબેન દવે તારીખ ૯ ઓક્ટોબરના રોજ અક્ષરવાસી થયા છે. કિશોર મહારાજ વર્ષોથી ગુરુકુલ દ્વારા ઉજવાતા યજ્ઞાદિક અનુષ્ઠાનો તથા પ્રતિષ્ઠા ઉત્સવોમાં મુખ્ય ઋત્વિજ તરીકે સેવાઓ કરે છે. આ સત્સંગી પરિવાર ગુરુકુલ અને સંતો સાથે ખૂબ જ હેતથી જોડાયેલો છે. મહારાજ નર્મદાબેનના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

આગામી આયોજન

તા. ૩/૧૨/૧૭, રવિવાર : **સુહૃદસભા :** સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ.
તા. ૧૩/૧૨/૧૭, બુધવાર : **સફલા એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૧૬/૧૨/૧૭, શનિવાર : : **ધનુર્માસ પ્રારંભ :** રોજ સવારે અમદાવાદ ગુરુકુલ તથા સાંજે છારોડી ગુરુકુલ વિશેષ કથાવાર્તા થશે.
તા. ૨૭/૧૨/૧૭, બુધવાર : **શ્રીહરિ જયંતિ :** સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા ઘનશ્યામ મહારાજનું રાજોપચાર પૂજન.
તા. ૨૯/૧૨/૧૭, શુક્રવાર : **પુત્રદા એકાદશી :** રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ.

ગુરુકુલ પરિવારના સેવક સંત અક્ષર નિવાસી શ્રી ગોવિંદપ્રસાદદાસજી સ્વામીની અંતિમ વિધિ કરતા સદ્‌ગુરુ સંતો તથા ઉપસ્થિત ભક્તજનો. સહસ્ત્રધરા (ગઢપુર)માં અસ્થિવિસર્જન કરતા પૂજ્ય સ્વામીજી તથા સંતો



શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ ટોરન્ટો (કેનેડા)માં કથાવાર્તાનો લાભ આપતા પૂજ્ય સ્વામીજી

કાર્તિક માસમાં અનુષ્ઠાન દરમિયાન ઠાકોરજીનું પૂજન કરતા પૂજ્ય પુરાણી સ્વામી તથા અનુષ્ઠાનાત્મક યજ્ઞમાં હોમ કરતા સંતો-ભક્તો

SGVP GURUKUL USA

SHREE SWAMINARAYAN SANATAN TEMPLE

(Yoga, Education and Cultural Center)

Tulshi Vivah

Diwali Annkut

Tulshiji

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને તેમના નિવાસ સ્થાને SGVP હોલિસ્ટિક હોસ્પિટલના લોકાર્પણ સમારોહમાં પધારવાનું આમંત્રણ પાઠવી શુભકામના પાઠવતા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી

પૂજ્ય રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી)ની SGVP હોલિસ્ટિક હોસ્પિટલમાં પધરામણી

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat